MRP Rs.15/-

ASSOCIATION OF IMAM MAHDI (a.s.)
A.I.M.
MUMBAI

ખાસ અંક

# અલ-કાએમ અલ-મુન્તઝર

શાઅબાનુલ મોઅઝ્ઝમ હિજરી સન.૧૪૪૪



અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઇબ્ને અબી તાલિબ(અ.સ.)
હઝરત ઇમામ મહદી(અ.ત.ફ.શ.)ના વિષે ફરમાવે છેઃ

**તેઓ (ઇમામ મહદી(અ.સ.)) ખ્વાહીશાતને હિદાયતની પાબંદ કરશે, જયારે કે લોકો હિદાયતને ખ્વાહીશાતની અસર હેઠળ રાખતા હશે... પછી તેઓ તમને બતાવશે કે ન્યાયી સીરત શું હોય છે અને કુરઆન તથા સુન્નતને કેવી રીતે નવી જીંદગી અતા કરવામાં આવે છે.**

(નહ્જુલ બલાગાહ, ખુત્બોઃ ૧૩૮)

બિસ્મીલ્લાહ હિર્‌રહમા નિર્‌રહીમ

સલ્લલ્લાહો અલય્ક યા વલીય્યલ્ અસ્ર અદ્‌રિક્‌ના

# યલ્ગાર (આક્રમણ / ચડાઈ)

આ એક એવો શબ્દ છે જે કાને પડતા જ એવુ લાગે છે કે જાણે જંગનું મેદાન તૈયાર થઇ ગયુ છે. બંને તરફ લશ્કરના સિપાહી જંગનું બ્યુગલ વાગતા જ એક-બીજા ઉપર તુટી પડશે, પરંતુ જંગના મેદાનમાં એક અવાજ જે સૌથી પહેલા ગુંજે છે અને તે છે ''યલ્ગાર''

અગર અંબીયા(અ.મુ.સ.) અને અવસીયા (અ.મુ.સ.) કે જેમનો સિલસિલો હઝરત આદમ (અ.સ.)થી શરૂ થઇ અને આજ સુધી કાયમ છે, તેના ઇતિહાસનો અભ્યાસ કરવામાં આવે અને અક્લ અને સમજણ ત્થા ઇન્સાફથી ગૌરો-ફિક્ર કરવામાં આવે તો અનુભવોનો એક સિલસિલો પણ પ્રતિબિંબીત થાય છે. અહીં બતાવે છે દુનિયાની ખિલ્કતથી બે સફો એકબીજાની સામે છાતી કાઢીને ઉભી જ નથી, પરંતુ જબરદસ્ત હુમલો પણ કરી રહી છે અને જંગના તમામ સાધનોનો સંગ્રહ બન્નેની પાસે છે કે જેના થકી તેઓ હુમલો કરે છે. મલાએકની બેઠકની સામે હઝરત આદમ (અ.સ.)નુ પુતળુ હતુ, ઇલાહી હુક્મ જાહેર થયોઃ જેવી આમાં રૂહ ફુંકવામાં આવે, તમામ તેમની સામે સીજદામાં પડી જશો. જ્યારે રૂહ ફુંકવામાં આવી, તો તમામ તેમની સામે સીજદામાં પડી ગયા, સિવાય ઇબ્લીસ. પુછતાછ કરવા પર ઇબ્લીસ છાતી કાઢીને પોતાના ખાલીકની સામે આવી ગયો અને જવાબ આપ્યો કે 'હું આનાથી અફઝલ છુ, મારી ખિલ્કત 'આગ'થી છે અને આદમ(અ.સ.)ની ખિલ્કત 'ખાકી' છે.' જ્યારે મરદુદ થયો અને બેઠકમાંથી કાઢી મુકવામાં આવ્યો, તો તેણે કહ્યુ હતુઃ હું કયામત સુધી તેની નસ્લને ગુમરાહ કરીશ. (જાણે કે આ જમીનને તેઓના જ ખુનથી રંગી દઇશ)

**ઇબ્લીસનું પહેલુ પગલુઃ**

ઇકબાલે આ મંઝરને પોતાની ઝબાનમાં એક અશઆર સ્વરૂપે આમ કહ્યુ કે ખુદા ફરમાવે છેઃ

***જહાન રા અઝ યક આબો ગિલ્ આફરીદમ, તુ ઇરાનો તાતાર વ ઝંગ આફરીદી***

***મન્ અઝ્ ખાલે પોલાદ નાબ આફરીદમ્, તુ શમ્શીરો તીરો તફંગ આફરીદી***

***તબર આફરીદી નિહાલે ચમનરા, કફસ સાખ્તી તાયર નગ્મા ઝનરા***

***મેં આ દુનિયાને એક જ પાણી અને માટીમાંથી પેદા કર્યુ હતુ, તુએ તેમાં ઇરાન, તાતાર અને હબશ બનાવી લીધા છે.***

***મેં માટીમાંથી ખાલિસ લોખંડ પેદા કર્યુ હતુ, તુએ તેમાંથી તલવાર, તીર અને તોપ બનાવી લીધા છે.***

***તુએ તેમાંથી બગીચાના ઝાડને કાપવા માટે કુહાડી બનાવી, ગીત ગાતા પક્ષીઓ માટે પાંજરૂ બનાવી લીધુ.***

અલ્લામા ઇકબાલની વિચારશૈલી આ શૈતાની આક્રમણના અર્થઘટનની એક ઝલક અથવા ખુલાસો છે. જે આપણને ઇતિહાસ બતાવી રહી છે. જેવી રીતે હક આ ખાકી જમીન પર ઉજાગર થતુ રહ્યુ, તેવી જ રીતે એક બહુ મોટુ લશ્કર તેના ઉપર ચડાઇ કરતુ રહ્યુ. કાદિરે મુત્લક પરવરદિગારે આ ઉપરોક્ત બેઠકમાં કહ્યુ હતુઃ તુ મારા નેક બંદાઓને ક્યારેય ગુમરાહ નહિ કરી શકીશ. આ વાત શરૂઆતની છે, પરંતુ ઇબ્લીસની સફર દરેક પગલે હંગામો કરવાવાળી રહી.

ઇતિહાસ બતાવી રહ્યુ છે કે ઇબ્લીસનું પહેલુ

કદમ કાબિલના સ્વરૂપમાં ઉઠયુ, જેણે હાબિલને કત્લ પણ કર્યો અને તેની લાશને ખભા પર લઇને આમ તેમ ફરતો રહ્યો અને આખરે તેની લાશને દફન કરી દીધી.

### બીજુ કદમ :

આદમે સાની હઝરતે નૂહ(અ.સ.) પર પત્થરોનો વરસાદ થતો રહ્યો. આપની કૌમ પર જ્યારે ઇબ્લીસીય્યતનું આક્રમણ બહુ જ જોર પકડી લીધુ હતુ ત્યારે ફક્ત એક જ પુર તોફાનના સ્વરૂપમાં આવ્યુ, જેણે નુહ(અ.સ.)ના ફરઝંદને પણ છોડ્યો નહી. એ ઇબ્લીસી આક્રમણ કે જેણે ઇન્સાની અક્લને પોતાના પકડમાં જકડી રાખેલ હતી, તેની પકડ તુટી ગઇ અને એક નવી દુનિયાની મખ્લુકથી રાહતનો શ્વાસ લીધો.

### ત્રીજુ કદમઃ

હઝરત ઇબ્રાહીમ(અ.સ.) માટે ગોફણ (મીન્જીનીક) તૈયાર થઇ અને નમરૂદની સળગાવેલી આગનું જોર જ્યારે ઇતિહાસમાં વાંચીએ છીએ, તો રૂંવાટા ઉભા થઇ જાય છે. આ નમરૂદના આક્રમણમાં હઝરત ઇબ્રાહીમ(અ.સ.) ની હક પરસ્તી અને નબુવ્વતને પહોંચાડવાની જવાબદારીઓના લીધે આગની ફિતરત બદલાઇ ગઇ અને એક દિલ ધડક આગ અને તેની જ્વાળાઓ સુગંધી ફુલોમાં બદલાઇ ગઇ.

### ચોથુ કદમઃ

ઇબ્લીસનું આક્રમણ અને તેનો સિલસિલો અટકવાનો થોડો હતો, જ્યારે જનાબે હાજરા (સ.અ.)એ હઝરત ઇસ્માઇલ(અ.સ.)ના ગળામાં રસ્સીનું નિશાન જોયુ અને પરિસ્થિતિ માલુમ પડી, તો તેઓને સદમો અને દુઃખ લાગ્યું જે જીવલેણ સાબિત થયુ.

### પાંચમુ કદમઃ

ઇબ્લીસીય્યતનું આક્રમણ ખાકી ઝમીન પર ફેલાઇ રહ્યુ હતુ. ફિરઔનનું લશ્કર એક તબાહીની જેમ એવુ સામે આવ્યુ, જે હઝરત મુસા(અ.સ.)ની તમામ હક પરિસ્થિતિની પહોંચની પળોને ક્ષણભરમાં વહાવીને લઇ જાત. હકતઆલા જેની કુદરત જે દરેક ચીજ પર ગાલિબ છે. લિસાનુલ્લાહ મૌલાએ કાએનાત અલી ઇબ્ને અબી તાલિબ(અ.સ.)ના કૌલ મુજબઃ

*અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલોક...બે જબરૂતેકલ્લતી ગલબ્ત બેહા કુલ્લ શયઇન.*

*અય અલ્લાહ! ખરેખર હું સવાલ કરૂ છું... તારી એ બુઝુર્ગીના વાસ્તાથી કે જેણે દરેક ચીઝ પર ઘેરાવ કરેલ છે.*

(દોઆએ કોમૈલ)

નીલ નદીમાં બાર રસ્તા બની ગયા અને જ્યારે ફીરઔનનું લશ્કર તેમાં દાખલ થયું તો તમામ રસ્તાઓ બંધ થઇ ગયા અને તમામ લશ્કરને પાણીમાં ડુબાડી દીધા અને ઇબ્રત માટે ફીરઔનની લાશને નીલના દરિયાઓના મોજાઓએ સાચવી રાખી.

### છઠ્ઠુ કદમઃ

જનાબે મરીયમ(સ.અ.) પર આક્રમણ થયુ અને ઇબ્લીસીયતના પૈરવકારોએ મજબુર સમજીને જનાબે મરીયમ(સ.અ.)ને પૂછયુઃ આ બાળક કોનું છે? તો આપ (સ.અ.)એ ઇશારાથી કહ્યુઃ હું રોઝાની હાલતમાં છુ, આ બાળકને જ પુછી લો. ઘોડીયામાંથી હઝરત ઇસા (અ.સ.)ની અવાજ બુલંદ થઇ.

*ઇન્ની અબ્દુલ્લાહે આતાનેયલ્ કિતાબ વજઅલ્ની નબીય્યા.*

*બેશક! હું અલ્લાહનો બંદો છું, તેણે મને કિતાબ અતા કરી છે અને મને નબી બનાવ્યો છે.*

(સુરએ મરીયમ, આયતઃ૩૦)

ઇબ્લીસીયતના પૈરવકાર ધ્રુજી ઉઠ્યા.

### સાતમું કદમઃ

શું હઝરત યુસુફ(અ.સ.)ના ભાઇઓ તેમને

કુવામાં કે જેની ઉંડાઇથી પાણી દેખાતુ ન હતુ, આપ(અ.સ.)ને ફેંકીને સંતુષ્ટ થઇ ગયા હતા? એ જ યુસુફ(અ.સ.) હતા કે જેમણે પોતાના ભાઇઓની હાજત પુરી કરી હતી. પુરો વાકેઓ દરેક સિરાતે મુસ્તકીમ પર ચાલવાવાળાને માલુમ છે.

## કિલ્લા બંદીઃ

લેખકે કસસુલ અમ્બીયાના અમુક ઇબ્લીસીયતના આક્રમણના કદમોનો ઉલ્લેખ એટલા માટે કર્યો, કારણકે ઇબ્લીસીયતનું આક્રમણ દરેક ઝમાનામાં પોતાની સંખ્યાને વધારતુ રહ્યુ અને વધારતુ રહેશે, પરંતુ તેની ચડતી અને પડતી પણ ધ્યાનમાં છે. એટલા માટે હક પરસ્તોના દિમાગમાં આ સવાલ પૈદા થાય છે કે આખરે આ આક્રમણ અને બુરાઇઓનો તોફાની સિલસિલો દિવસે અને દિવસે દુનિયાના ખુણે ખાંચરેથી ક્યાં સુધી જોર પકડતું રહેશે? અને શું હકપરસ્તોના માટે કાદિરે મુત્લકે સાધનો અને હથિયારો પણ ઉપલબ્ધ કરી દીધા છે કે નહી? અથવા પછી તેઓના ઝુલ્મ અને સિતમની ચક્કીમાં ફક્ત પિસાતા રહેવાનુ જ લખ્યુ છે? એ પહેલા કે એક ઇતિહાસનો અભ્યાસ કરીએ ઇમામે અલી રેઝા (અ.સ.)થી આ માન્યતા હેઠળ સવાલ કરવામાં આવ્યો હતો કે આપ(અ.સ.) અમારી હિદાયત માટે કંઇક ઇરશાદ ફરમાવો. ઇમામ(અ.સ.)એ ફરમાવ્યુ:

> ***લા ઇલાહા ઇલ્લલ્લાહ એક કિલ્લો છે અને જે તેની અંદર દાખલ થયો, તે સુરક્ષિત રહેશે, પરંતુ તેમાં દાખલ થવાની અમુક શર્તો છે અને આ તમામ શર્તોમાંથી એક શર્ત હું છુ, એટલે કે એક શર્ત ઇમામત છે.***

સ્પષ્ટતા કરવાની કોઈ જરૂર નથી, પરંતુ વાત યકીનની રોશનીમાં ઇલ્મે ઇમામત અઝલી છે. આ જુમ્લામાં ઇમામ(અ.સ.)ના ઇલ્મની એક એવી ઝલક નજરે આવે છે જે ઇબ્લીસી આક્રમણ અને તેના તોફાન ચાહે ગમે તેટલા તેજ હોય, આ કિલ્લાની આસપાસ નથી આવી શકતા.

અને ઉપરોક્ત બયાનમાં આ બાબત નબુવ્વતના પાયા સુધી કાયમ છે કે જ્યારે બુરાઇઓના તોફાનનું પાણી માથાથી ઉપર થવા લાગે તો કેવી રીતે ખુદાવંદે મોતઆલે ન ફક્ત પાછળ કરી દીધું, પરંતુ વેરવિખેર કરી નાખ્યુ.

## મોહલતઃ

ખુદાવંદે મુતઆલે જ્યારે મોહલત આપી તો તેનો ફાયદો ઉપાડવાવાળા આ તોફાનો રોકાવાના ક્યાં હતા? મોહલત એક મુદ્દત પુરતી મર્યાદિત છે. મુદ્દત એટલે ઇબ્લીસીયતના તોફાનનું આક્રમણ. મન ફાવે તેમ કત્લો-ગારતના તમામ કાવતરાઓ તૈયાર કરતા રહે. એક નિશ્ચીત સમય પર પોતાનો અંજામ જોઇ લેશે. આ મુદ્દતમાં ઇબ્લીસી આક્રમણની સફર ઝમાના મુજબ વધતી રહે છે. પરંતુ ખુદાવંદે મુતઆલે તેનાથી સુરક્ષિત અને મહેફુઝ રહેવા માટે પહેલાથી જ કહી દીધુ હતુ કે તુ મારા નેક બંદાઓ પર ક્યારેય જીત હાસિલ કરી શકીશ નહિ અને તેના માટે હિદાયતની સંપૂર્ણ વ્યવસ્થા જાહેરી અને છુપી રીતે કરી દીધી હતી. અલ્લાહનો કૌલ છેઃ

> *લકદ્ અર્સલ્ના રોસોલના બિલ્ બય્યેનાતે વ અન્ઝલ્ના મઅહોમુલ્ કેતાબ વલ્મીઝાન લેયકુમન્નાસો બિલ્કીસ્તે*

> ***ચોક્કસ! અમે પોતાના રસુલોને સ્પષ્ટ અને રોશન દલીલોની સાથે મોકલ્યા છે અને તેમની સાથે કિતાબ અને મીઝાનને નાઝીલ કર્યુ છે, જેથી લોકો ઇન્સાફ પર કાયમ રહે.***

(સુરએ હદીદ, આયતઃ૨૫)

ઇમાનવાળાઓને, બુરાઇની તાકત જેટલી કમજોર કરી દે, આ કિલ્લામાં તેઓ તેના આક્રમણથી સુરક્ષિત રહેશે. આ અમુક દિવસોની જીંદગીમાં ખતરાઓ આપમેળે ખત્મ થઇ જશે અને આખેરતની લાંબી જીંદગીની તાબીર તેની સામે હશે.

જ્યારે રિસાલતના આખરી પયગંબર (સ.અ.વ.)એ હિદાયતની તઅલીમ અને શિક્ષણ પુરી કરી દીધુ તો ફરમાવ્યુઃ હવે મારા પછી મારા બાર ખલીફાઓ થશે જેઓ મોઅમેનીન, મુસ્તઝ્અફીન, મોહસેનીન, સાલેહીન અને નેકુકારો માટે પનાહગાહ હશે અને તેમની હિફાઝત કરશે.

ઈસ્લામના ઈતિહાસમાં મોટા મોટા તોફાનો આવ્યા. નવા તરીકાઓ, નવા રંગ, નવા કાવતરાઓ, રાજકારણના નવા રૂપ આવ્યા, જેઓએ બાતિલ હદીસો અને રિવાયતોથી હકીકી ઈસ્લામને પર્દાની પાછળ લાવવાની નિષ્ફળ કોશિષમાં કોઇ કસર બાકી રાખી નથી. પરંતુ રસુલે ખુદા(સ.અ.વ.)નો કૌલ પત્થર પર લકીર બનીને ઉભરતો રહ્યો, અહીં સુધી કે યઝીદ(લ.અ.)એ ભર્યા દરબારમાં એલાન કરીને બયાન આપ્યુ કે ન તો કોઇ રસુલ આવ્યા હતા અને ન કોઇ વહી. એ જ દરબારમાં જનાબે ઝયનબ (સ.અ.)નો ખુત્બો એ વાતની દલીલ બનીને એ રીતે ગુંજી ઉઠ્યો કે સાંભળવાવાળા કહી રહ્યા હતાઃ શું અલી(અ.સ.) જીવતા થઇ ગયા? આ ફસાહત અને બલાગત, આ લહેજો. તો એવુ લાગી રહ્યું છે કે અલી(અ.સ.) બોલી રહ્યા છે. આ ખુત્બો યઝીદ(લ.અ.)ના બાતિલ હોવા પર એવો તમાચો હતો કે ન ફક્ત યઝીદ પરંતુ તેના તમામ મદદગારો પણ દિગ્મુઢ થઇ ગયા. શામનો દરબાર યલ્ગારનો સૌથી મોટો બનાવ હતો અને તે ઈમામતના પગો તળે કચડાઇ ગયો. કહેવુ પડશે, આવી હોય છે એ પવિત્ર ઝાતો જે ઇલાહી કિલ્લામાં દાખલ થવાથી રજા લેવાની શર્ત છે.

ઈમામ હુસૈન(અ.સ.)એ શબે આશુર એક રાતની મોહલત આપી હતી જેનો એક હેતુ ઓલમા બયાન કરે છે કે આ પણ હતો કે યઝીદી ફોજમાં અગર કોઇ હકપરસ્ત બચી ગયો હોય તો તે પણ આવી જાય. આથી ચોક્કસ જનાબે હુર(અ.સ.) અને અન્ય અમુક લોકો છે જેના તરફ ઇશારો કરવામાં આવ્યો છે.

વૈશ્વિક બેકગ્રાઉન્ડ સામે છે, મોહલતને પુરી થવાના તમામ દ્રશ્યો સામે આવી રહ્યા છે, તબાહી, બરબાદી, ખુંરેઝી, ગરીબાઇ, મુફલીસી, ઈન્સાનીયતને બાળી નાખનાર ઝુલ્મો સિતમ, અત્યાચાર અને અંધાધુંધી, એક કોમ બીજી કોમ પર તુટી પડવા માટે તૈયાર, એશો-આરામ, વિલાસ તમામ તેની ટોચ પર આગળ વધી રહ્યા છે. તેના મુકાબલામાં જીંદગીનો એ તરીકો કે જેની તઅલીમ ખાતેમુલ્ મુરસલીને આપી હતી, તે પણ જીવંત અને તાજગીસભર છે. જાણે કે ઈન્સાનીયત અને બશરીયતની શ્રેષ્ઠતા અને આખેરતના માર્ગ ચારે તરફથી આવી રહી છે કે ખુદાના બંદાઓ! કિતાબ અને મીઝાનના દામનથી જોડાએલા રહેવુ એ તેમને ''લા એલાહ ઈલ્લલ્લાહ''ના કિલ્લામાં સુરક્ષિત રાખશે. કિતાબ કહી રહી છેઃ ''બકીય્યતુલ્લાહે ખયરૂલ્ લકુમ્ ઇન્ કુન્તુમ્ મોઅ્મેનુન''

આ દુનિયાની હંગામી જીંદગીમાં 'મુત્લકુલ અનાની'/ સંપુર્ણ તાનાશાહી તરફ એક મોટી સંખ્યાના લોકો જ્યાં નેકુકારો પર આક્રમણ સમુદ્રથી ઝમીન પર હવાઓથી ગલ્બો કરવા માટે દરેક તરફથી મોટા મોટા હથિયારો શોધી કાઢયા છે, પરંતુ અલ્લાહની આખરી હુજ્જત આખરી ઈમામ(અ.સ.) કે જે અલ્લાહ તઆલાએ આપણી આખેરતને બચાવવા માટે જમીન પર કાએમ રાખ્યા છે, તેઓ ગાફિલ નથી. સુરએ અલ્ હમ્દને દરેક નમાઝમાં દરેક રકાતમાં રીપીટ કરીએ છીએ, પરંતુ વિચાર નથી કરતા કે તે કોણ છે જે ''અન્અમ્ત, ગયરિલ્ મગ્ઝુબ અને વલઝ્ઝાલ્લીન''ની સ્પષ્ટ નિશાનીઓ છે. સૌને ઈમામે મહદી(અ.સ.)નું યકીન છે, પરંતુ કબુલ કરવુ અને ઇન્કાર કરવો સાથો સાથ ચાલી રહ્યું છે. અલ્લામા ઇકબાલના કૌલ પ્રમાણેઃ

*સજદા ખાલિકકો ભી ઇબ્લીસસે યારાની ભી*

*હશ્રમે કિસસે અકીદત કા સિલા માંગેગા?*

આપણા સૌનો આપણા અઇમ્મા(અ.મુ.સ.) પર એ અકીદો છે. દરેક ઝમાનામાં તેઓ આપણા યકીનના અરીસા પર ધુળ ચઢવા નથી દેતા. આ આપણા ઓલમા અને તે ખુદા પરસ્ત, હક પરસ્ત પવિત્ર ઝાતો છે, જેમને દરેક ઝમાનામાં મુલાકાતનો શરફ હાસિલ રહ્યો છે. એક લાંબુ લિસ્ટ છે, જેમની પાસે આપ(અ.સ.)ની તવકીઓ આવતી રહી છે અથવા ખુદ પોતે તેમને મુલાકાતનો શરફ આપ્યો છે.

એ ખુદાનો કેવી રીતે શુક્રનો સજદો કરીએ કે, જેના માટે દુઆએ મશ્લુલમાં ઇરશાદ થઇ રહ્યો છેઃ

*યા શફીકો, યા રફીકો, ફૂક્કની મિન્ હલકિલ્ મઝીક્*

*અય મહેરબાન, અય દોસ્ત, મને સાંકડા બંધનોમાંથી આઝાદ કર*

આપણા રબ, આપણા માલિક, આપણા ખાલિક અલ્લાહે આપણા માટે આ દુનિયામાં પનાહગાહ કાયમ કરી જેની ખુશખબરી આપી. આપણા રસુલ(સ.અ.વ.)એ આ હદીસ બયાન કરીને કે જ્યારે આ દુનિયા ઝુલ્મો જૌરથી ભરાઇ જશે, મારા આખરી જાનશીનનો ઝુહૂર થશે અને તે આ દુનિયાને અદ્લો ઇન્સાફથી એવી રીતે ભરી દેશે, જેવી રીતે ઝુલ્મો જૌરથી ભરેલી હતી. તેઓ મહદીએ આખેરૂઝ્ઝમાન છે, ઇમામ હાજર પણ છે અને ગયબતની નકાબ પણ છે. જ્યારે તેમનો ઝુહૂર થશે, ત્યારે ગયબતની નકાબ ચહેરએ અકદસથી હટશે. નવો સુરજ ઉગશે, નુર અને ભવ્યતા સંપુર્ણપણે ફેલાએલ હશે. રહેમતનો વરસાદ થશે. વિરોધીઓની ગુમરાહી તેમને અલ્લાહની લઅનતના હકદાર ગણાવશે અને તેઓ ખુદાવંદના અઝાબમાં ફસાયેલા રહેશે. દુઆએ અહદમાં છે કે...

*અલ્લાહુમ્મ અરેનીત્ તલ્અતિર્ રશીદા*

શૈતાની આક્રમકતા 'તોફાને નૂહ(અ.સ.)'માં ડૂબશે, નમરૂદની આગ નહી સળગે, યઝીદીય્યત, ઝમાનાના પત્થર, હવાઓના ઝહેરીલા જાપટાઓ, એવી રીતે જકડી લેશે કે જહન્નમ પુકારી ઉઠશેઃ આ અમારા કોળિયા છે સજા દેવા માટે.

માનનીય વાંચકો! લેખકની એક અધુરી કોશિષનો હેતુ એ છે કે આ ઝમાનામાં દરેક મોઅમિને જીંદગી વિતાવવા માટે ફૂંક મારી મારીને કદમ રાખવુ જોઇએ, એટલા માટે કે આક્રમકતા નમરૂદની આગની તમામ સાજીશોને કાંધાઓ પર લઇને દુનિયાના ખૂણે ખુણામાં ફેલાઇ રહી છે. જવહરી સ્થાપનાથી દુનિયા ધ્રુજી રહી છે. રાજકારણના પંજાઓ ગરીબો, મુફ્લીસો, નાદારો અને કમઝોર લોકોની બહુમતી તરફ તેઓના ખુન ચુસવા તરફ વધી રહ્યા છે. એવુ લાગે છે કે, ઇન્સાનીયતને ખત્મ થવામાં હવે વધારે સમય બાકી નથી રહ્યો. પરંતુ તે ખુદા તેવો ખુદા છે, જેની ઝાત 'લાશરીક' છે, જે 'કાદિરે મુત્લક' છે અને કાએનાતને પૈદા કરવાવાળો છે અને તેને એવો કિલ્લો જમીન પર મજબુત બુનીયાદોની સાથે આપી દીધો છે, જેના દરવાજાની ચાવી 'કાએમે આલે મોહમ્મદ' (અ.સ.)ના હાથમાં છે. જે હોશ અને મજબુતીની સાથે પોતાના આકા વલીએ અસ્રના ઇશારા પર અને હિદાયતના બયાનો કે જે આપણા ઓલમા કે જેઓ સદ્ગુણી છે, હક પરસ્ત છે, આપણને આગાહી આપતા રહે છે અને તેજ કદમ પર આપણી કોમ ચાલ્યા કરશે. દરેક તરફથી દરેક દરવાજેથી આપણને આપણી કોમને ઝુહૂરની સવાર સુધી સુરક્ષિત રાખશે. તે વલી છે, જે દરવાજાઓને ખોલનારા છે અને તેઓ હેરાન થનારાઓ માટે માર્ગદર્શકનો મફહુમ છે. તેથી દરેક પળે અને દરેક સમયે દરેક શિયાને હોશિયાર રહેવુ જોઇએ, જેથી અંદરની અને બહારની સાજીશોના આક્રમણથી મહેફૂઝ રહીને પોતાની આખેરતને પ્રકાશિત અને સારા અંજામ તરફ આગળ વધતા રહે.

# ઈમામ મહદી(અ.ત.ફ.શ.)થી રૂહાની સંબંધ

મરહુમ શૈખે સદુક રિઝવાનુલ્લાહે તઆલા અલય્હએ તેમની અમુલ્ય કિતાબ 'કમાલુદ્દીન વ તમામુન નેઅમહ'ના ભાગઃ ૨ પ્રકરણઃ ૪૩માં ઈબ્રાહીમ બિન મહ્ઝિયારની ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) સાથેની મુલાકાતને ખુદ તેમની ઝબાની વર્ણન કરી છે, ઈબ્રાહીમ બિન મહ્ઝિયારની કુન્નીયત અબુ ઈસ્હાક હતી એટલે ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)એ તેમને અબુ ઈસ્હાક કહીને સંબોધિત કર્યા છે. આ મુલાકાતમાં અબુ ઈસ્હાક અને ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની દરમિયાન વાતચીત છે અને જગ્યા-જગ્યાએ આપસમાં વાતચીત કરતા જોવા મળે છે. આ લખાણમાં અમારો હેતુ તેમની મુલાકાતને વિગતવાર બયાન કરવી નથી, પરંતુ તેમાંથી એક ખાસ હિસ્સાને વાંચકોની ખિદમતમાં પેશ કરવા ચાહીએ છીએ.

હઝરત(અ.ત.ફ.શ.) પોતાની વાતચીતને શરૂ કરતા ફરમાવે છેઃ

*એઅ્લમ્! અન્ન કોલુબ અહ્લિત્ તાઅતે વલ્ ઈખ્લાસે નઝઅ એલય્ક મિસ્લત્ તય્રે એલા અવ્કારેહા*

*અય અબુ ઈસ્હાક! મારા વાલીદે મને ફરમાવ્યુંઃ અય મારા પુત્ર! જાણી લ્યો કે મુખ્લીસ, ઈતાઅત ગુઝાર અને ફરમાબરદાર લોકો એવા પક્ષીઓની જેમ કે જેઓ પોતાના આશિયાના તરફ પાછા ફરે છે, તે રીતે તમારા તરફ બેતાબી અને શોખની સાથે દોડીને આવે છે*

(કમાલુદ્દીન, ભાગઃ૨, પાનાઃ૪૪૮)

**ખુલુસ અને ઈતાઅતઃ**

ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની તાકીદ ઉપર વિચાર કરીએ તો માલુમ થાય છે કે ગયબતના ઝમાનામાં શિઆઓ અને ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)નો ઈન્તેઝાર કરવાવાળા કેવા ઈખ્લાસ, ઈતાઅત અને ફરમાંબરદારીની સાથે ઈમામ(અ.સ.) તરફ રૂખ કરશે. ઈમામ હસન અસ્કરી(અ.સ.)એ પોતાના ફરઝંદને કહ્યુ અને એજ વાત ઈમામ મહદી (અ.સ.) ઈબ્રાહીમ બિન મહ્ઝિયારથી કહી રહ્યા છે કે જેવી રીતે એક પક્ષી પોતાના માળા તરફ જાય છે, એવી જ રીતે બેતાબી અને શોખની સાથે મુખ્લીસ અને ઈતાઅતગુઝાર લોકો તમારી તરફ રૂખ કરશે.

સાદેકુલ કૌલ ઈમામ હસન અસ્કરી(અ.સ.)નું ઈલ્મી બયાન એવું હોય છે કે સમજુતી આપો તો તેની રોશની ફેલાતી જાય છે અને સમેટો તો ઈન્સાનને નવી જીંદગીની ખબર મળે છે. અહીં ઈમામ(અ.સ.) શોખના બારામાં ફરમાવી રહ્યા છે કે અલી(અ.સ.)ના શીઆઓમાં ઈમામે ઝમાના(અ.સ.)ની મુલાકાત અને દીદારનો કેટલો શોખ, કેટલી તડપ અને તેના કેટલા દરજ્જાઓ છે તેમજ તેના મરતબા શું છે? આ બધી શોખની શાખા છે, આપણા ઈમામ(અ.સ.) મહેરબાન પિતા છે, તેઓ હિફાઝત કરે છે અને તેઓ આપણી પર નજર રાખે છે, તેઓ આપણને પોતાની દયા અને લાગણીના છાંયામાં રાખે છે. આપણી નજરોથી ગાએબ છે, તે ખુદાની મસ્લેહત છે. શોખ એક લાગણીના પહેલુને દર્શાવે છે. કાશ! આપણો શોખ ઈસ્માઈલે હરકલીની જેમ ઉચ્ચ મરતબાનો હોત તો આપણે આપણા ઈમામ(અ.સ.)ની ગયબતમાં તેમની ઝિયારતથી મહેરૂમ ન રહેત, આપણા ઈમામ વલીએ અસ્ર(અ.સ.) છે, ખુદાના વલી છે. શોખ તેની ટોચ

પર હોય તો હાજતમંદ ઝિયારતથી મુશર્રફ થાય છે. શોખ એહસાસની બુનીયાદ પર હોય છે.

આ લેખને કિતાબ ''પયવંદે મઅનવી બાસાહત કુદ્સ મહ્દવી'' (તકાલીફુલ્ અનામ્ ફી ગય્બતિલ્ ઈમામ)થી લખવામાં આવ્યું છે. આ કિતાબના લેખક સદ્રૂલ્ ઈસ્લામ અલી અકબર હમદાની છે. આપની જીંદગીનો સમયગાળો હી.સ.૧૨૭૦ થી ૧૩૨૫ એટલે ઇ.સ.૧૮૫૩ થી ૧૯૦૭ સુધીનો છે. આપનો જન્મ હમદાનમાં થયો અને ત્યાં જ આપનો ઇન્તેકાલ થયો. અલબત્ત, પોતાના વતનમાં પ્રાથમિક તઅલીમ બાદ નજફે અશરફ તશરીફ લઇ ગયા અને ૬ વર્ષ સુધી હૌઝે ઇલ્મીયા નજફમાં મોહદ્દીસે નુરી કુદસ સીર્રહુ આકા સય્યદ મોહમ્મદ મુજ્તહીદ મુસવી નજફી હિન્દી તાબસરાહ કે જેઓ શૈખ મુર્તઝા અન્સારી રિઝવાનુલ્લાહે તઆલા અલય્હના શાગિર્દોમાંથી હતા અને મરહુમ હાજ મિર્ઝા હુસૈન રાઝી તેહરાનીથી ફૈઝ હાસિલ કર્યો હતો પછી પોતાના વાલેદાની સાથે ઇરાન પરત આવ્યા અને અમુક વર્ષો તહેરાન અને હમદાનમાં કિતાબો લખવા અને તઅલીમ અને તબ્લીગમાં મશ્ગુલ રહ્યા બાદ ફરી વખત નજફ આવ્યા પરંતુ બે વર્ષ બાદ હમદાન પરત ફર્યા અને ત્યાં જ તેમનો ઇન્તેકાલ થયો. આપની લખેલી કિતાબો ઘણી બધી છે અને અમુક તો કેટલાય ભાગોમાં છે. ખુદા તેમના દરજ્જાઓને બુલંદ કરે.

આ લેખના ટાઇટલ તરફ ધ્યાન આપીએ તો આપણાથી તકાઝો કરતો જોવા મળે છે કે ગયબતના ઝમાનામાં આપણી જવાબદારીઓ શું છે? અને આ જવાબદારીઓને પૂરી કરવાથી આપણે આપણા ઇમામ (અ.સ.)ને રાઝી અને ખુશ કરી શકીએ છીએ. તેમનાથી રૂહાની સંબંધ કાયમ કરી શકીએ છીએ. આ જ રૂહાની લગાવ અને સંબંધ આપણી દુન્યવી અને ઉખ્રવી જીંદગીમાં નજાત અને કામ્યાબીનો સબબ છે.

જવાબદારીઓને ત્રણ હિસ્સામાં વહેંચવામાં આવી છે.

૧. ખાસ લોકોની જવાબદારીઓ

૨. સામાન્ય લોકોની જવાબદારીઓ

૩. હદીસોના રાવીઓ, હાકીમો, કાઝીઓ અને ફોકહાની જવાબદારીઓ

## ૧. ખાસ લોકોની જવાબદારીઓ:

ખાસ લોકોની જવાબદારીઓથી મુરાદ ઇમામે ઝમાના(અ.સ.)ના ખાસ અસ્હાબ અને તેમના ભેદને જાણનાર વ્યક્તિઓની જવાબદારીઓ છે, રિવાયત પ્રમાણે જનાબે ખિઝ્ર(અ.સ.), જનાબે ઇલ્યાસ (અ.સ.), જનાબે જીબ્રઇલ(અ.સ.), જનાબે ઇસ્રાફીલ (અ.સ.), જનાબે મીકાઇલ(અ.સ.), જનાબે ઇઝ્રાઇલ (અ.સ.) અને જમીન તેમજ આસ્માનના ફરિશ્તાઓના સરદાર, મુસલમાનો, મોમીન અને જીન્નાતોના સરદાર તેમજ અબા સાલેહ જે જીન્નાતોના સરદારમાંથી એક છે અને રણ અને જંગલોમાં ગુમ થયેલાને હિદાયતની જવાબદારી તેમની છે. એવી જ રીતે હમ્ઝા નામનો જીન જે દરિયામાં નજાત આપવાનું કામ કરે છે. આવી જ રીતે અબ્દુર્ રહેમાન, અબ્દુલ્ કાદિર, ફક્તીસ્, અબુ ફર્દા, મસ્તુર, રિયા, કૈસ અને અબુ માલિક છે. એમનાથી ઓછા દરજ્જાના જીન મુજ્તહીદ (ખુબજ ઇબાદત કરવાવાળા) છે. જેમકે અબુલ્ અબ્બાસ અને અબ્દુશ્ શેહાબ વિગેરે આ બધા મોટા મોટા કાર્યો માટે નિયુક્ત છે અને હઝરતના હુકમને બજાવી લાવે છે.

આવી જ રીતે નવ્વાબે અરબા અને ગયબતે સુગરામાં બીજા નાએબીન જે જુદા-જુદા દેશોમાં હતા તેઓ બધાની અરવાહ ખાસ લોકોમાં શુમાર થાય છે.

આવી જ રીતે એ વ્યક્તિઓ કે જેઓ પર ઉચ્ચ દરજ્જા પર ફાએઝ હતા, જેમ કે શૈખે મુફીદ અને ૩૦

જણા કે જેઓ હંમેશા આપ(અ.સ.)ની સાથે હોય છે. અને તેઓને કોઇ ઓળખી શકતા નથી અને બીજા ઘણા લોકો. આ તમામ ખાસ અને નિશ્ચિત જવાબદારીઓ રાખે છે, જેમકે જાણકારીને હાસિલ કરવી અને આ જાણકારી બીજાઓએ જાણવી જરૂરી નથી.

(ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)ના રહેવાની જગ્યા ગયબતે સુગરામાં ખાસ નાએબો અને મખ્સુસ લોકોને ખબર હતી અને ગયબતે કુબરામાં ફક્ત એ ગુલામને માલુમ છે કે જેને આપની ખિદમતનો શરફ હાસિલ છે. પરંતુ આપણે તેને નથી જાણતા. રિવાયતો માટે કાફી, કિતાબુલ હુજ્જહ, બાબ ફિલ્ ગય્બત તરફ રૂજુઅ કરો)

## ૨. સામાન્ય લોકોની જવાબદારીઓઃ

લોકો અમુક શાખાઓમા વહેંચાએલ છેઃ અમુક લોકો એવા છે, જે હંમેશા હઝરતની સામે છે. એ સ્પષ્ટ છે કે તેમની જવાબદારીઓ જેઓ ગાએબ છે તેના કરતા અલગ છે. આ લોકો ઇમામે ઝમાના(અ.સ.)ના ખાદિમો અને અહ્લો-અયાલ છે અને હઝરતના કાર્યો કરવાવાળાઓ છે અને દિવસ-રાત ઇમામ(અ.સ.)ના હુકમના મુન્તઝિર છે. આ લોકો પોતાના માટે અને બીજાઓના માટે મખ્સુસ જવાબદારીઓ ધરાવે છે. રિવાયતોમાં શાયદ તેઓના નામ અબ્દાલ અને અવ્તાદ અને રેજાલુલ ગૈબ, નોકબા અને નોજબા આવ્યા છે. શરીઅતમાં પણ તેઓના નામો છે. જેમ કે અબ્દાલ અને અવ્તાદ અને સુય્યાહ (ઇબાદતગુઝાર રોઝેદાર), ઉબ્બાદ, મુખ્લેસીન, ઝુહ્હાદ અને અહ્લે જહ્દો ઇજ્તેહાદ વિગેરે.

(પય્વન્દે મઅ્નવી બાસાહાતે કુદ્સે મહદવી,પાનાઃ ૨૪)

**તઝક્કુરઃ** સામાન્ય લોકોની જવાબદારીઓમાં જ આપણી જવાબદારીઓ આવે છે, જેનો ઉલ્લેખ આગળ કરવામાં આવશે.

## ૩ હદીસોના રાવીઓ, હાકીમો, કાઝીઓ અને ફોકહાની જવાબદારીઓઃ

રોવાતે હદીસનો મતલબ હદીસો બયાન કરવાવાળા. જ્યાં સુધી રોવાતે હદીસ, હુક્કામ, કાઝીઓ અને ફોકહાની વાત છે તો આ તમામની એક બીજાની પ્રત્યે અલગ-અલગ જવાબદારીઓ છે. આમાંથી અમુક એ મકામ સુધી પહોંચેલ છે કે ઇમામે ઝમાના (અ.સ.)ને ઓળખે છે, કોઇ પણ જાતના વસીલા વગર આપ (અ.સ.) ના મુકદ્દસ વુજુદથી લાભ ઉઠાવે છે અને મસાએલનો ઉકેલ મેળવે છે, તેમજ દરેક સમયે (ખ્વાબમાં અથવા જાગૃત હાલતમાં) હઝરતની ઇજાઝત અને ઇનાયતથી હઝરતની હાજરીથી મુશર્રફ થાય છે.

એક વાત જે બયાન કરવા લાયક છે તે એ કે અમુક લોકો રોવાતે હદીસ, હુક્કામ, કુઝ્ઝાત અને ફોકહાના દરમિયાનગીરીથી હઝરતથી તવસ્સુલનો રસ્તો રાખે છે, અને અમુક લોકો તેઓના વાસ્તા વગર હઝરતથી છુપી રીતે અને મળવાનો રસ્તો રાખે છે.

અને બીજા લોકો ક્યારેય ન તો પર્સનલ અને ન તો જાહેરી અને બાતેની રીતે હઝરતને મળી શકતા નથી. પરંતુ ઇમામ(અ.ત.ફ.શ.)ની વિલાયત અને મોહબ્બત અને મવદ્દતના કબુલ કરવાની સુરતમાં મુલાકાતની શક્યતા છે.

**તવજ્જોહઃ** ગયબતે કુબરાના ઝમાનામાં જે લોકો થયા છે, તેઓ ઇમામની મઅરેફતના દરજ્જામાં જુદા-જુદા મરતબા રાખવાવાળા છે અને એ તમામ લોકો માટે તમામ લોકો ખાસમાં શામિલ છે, તેમના માટે વાજિબ અને સ્પષ્ટ જવાબદારીઓ છે કે જેના પર અમલ કરવો જોઇએ, તેમજ ગફલત અને જેહાલતની

વાદીમાં ભટકવું જોઇએ નહી જેથી હઝરતના લુત્ફો કરમ અને ઇનાયતોના છાંયામાં રહે.

(પયૂવન્દે મઅ્નવી બાસાહતે કુદ્સે મહદવી,પાનાઃ ૨૫)

એ વાત ખાસ દિમાગમાં રહે કે ગયબતે કુબરામાં કોઇ પણ શખ્સ કોઇ પણ મંઝિલ અને દરજ્જા પર ફાએઝ હોય, પોતાના તરફથી કોઇ પણ રીતે હઝરતથી મુલાકાતનો દાવો નથી કરી શકતુ. ગયબતે કુબરામાં મુલાકાત અને દીદારનો શરફ ફક્ત હઝરતની ઇનાયતો પર આધારિત છે, જે દાવો કરે તે ભરોસાપાત્ર નથી.

અલબત! મોઅલ્લીફ મોહતરમ મરહુમ સદ્રૂલ ઇસ્લામ અલી અકબર હમ્દાની કુદ્સ સીર્રહુએ પોતાની કિતાબ 'પયૂવન્દે મઅ્નવી બાસાહતે કુદ્સે મહદવી' (તકાલીફુલ અનામ ફી ગયબતુલ ઇમામ)માં વિગતવાર ૬૦ જવાબદારીઓનો ઉલ્લેખ કરેલ છે. આ ટુંકા લેખમાં તે તમામ જવાબદારીઓ બયાન કરવાનો અવકાશ નથી, આથી અમે અહી અમુક જવાબદારીઓ તરફ ઇશારો કરીએ.

## પ્રથમ જવાબદારી : દરેક ઝમાનામાં હુજ્જતે ઇલાહીના વુજુદ પર અકીદો રાખવો જરૂરી છે.

આ જવાબદારીની સાથે હુજ્જતે અસ્ર હઝરત ઇમામ મહદી(અ.ત.ફ.શ.)ની મઅરેફ્ત અને તેનો અકીદો અને ગયબતે સુગરામાં નવ્વાબે અરબા પર અકીદો રાખવો પણ વાજીબ છે. (નવ્વાબે અરબાના બારામાં એસોસીએશન ઓફ ઇમામ મહદી(અ.સ.) તરફથી પ્રકાશિત કિતાબ 'નવ્વાબે અરબા' તરફ રજુ કરો) ગયબતે કુબરામાં 'ઇન્ની જાએલુન્ ફિલ્ અર્ઝે ખલીફા' (સુરએ બકરહ આયતઃ ૩૦)ની રોશનીમાં હઝરત આદમ (અ.સ.)ની ખિલ્કતથી કયામત આવવા સુધી અથવા કયામતના ૪૦ દિવસ બાકી રહેવા સુધી (ઉસુલે કાફી, કિતાબુલ હુજ્જહ, બાબ : ઇન્નલ અર્ઝ લા તખ્લુ મિન્ હુજ્જત, પાનાઃ ૧૭૮) પર ખુદાએ લોકોના માટે જમીન પર પોતાના જાનશીન નિયુક્ત કર્યા છે અને કોઇ પણ મોકા પર જમીન હુજ્જતથી ખાલી નહી હોય, ચાહે જાહેર હોય કે ગાએબ, મશ્હુર હોય કે અજાણ જેથી લોકોને ખુદા પર ટીકા-ટિપ્પણીનું કોઇ બહાનુ ન મળે.

અગર આજના લોકો કહે કે અમારા માટે કોઇ જાહેરી હુજ્જત કે બોલતી અને પ્રત્યક્ષ હુજ્જત નથી તો આ ખોટી વાત છે. પયગંબરે ખુદા(સ.અ.વ.)એ પોતાની રહેલતના સમયે એક વ્યવ્હારૂ હુકમ આપ્યો કે તેમના પછી ઉમ્મતે મુસ્લેમા તેના પર અમલ કરે, આવી રીતે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી(અ.સ.) અને એક પછી એક અવસીયા(અ.મુ.સ.) કે જેઓ દરેક ઝમાનામાં ઇલાહી હુજ્જતો રહ્યા છે પોતાની ઉમ્મત માટે (વ્યવ્હારૂ અમલ મુકર્રર કર્યો છે, ત્યાં સુધી કે ઇમામ હસન અસ્કરી(અ.સ.)ની શહાદતનો સમય આવી ગયો અને આપે ખાસ કરીને પોતાના પછીની હુજ્જત માટે એક વ્યવ્હારૂ અમલ બતાવ્યો. પોતાના ફરઝંદ હુજ્જત બિન હસન અસ્કરી(અ.સ.)ને હઝરત ઇસા(અ.સ.) અને હઝરત યહ્યા(અ.સ.)ની જેમ નાનપણમાં ઇમામત અને વિલાયતના મરતબા પર ફાએઝ કર્યા. સહીહ સનદથી ભરોસાપાત્ર શૈખ મોહમ્મદ બિન ઉસ્માન અમ્રવી કુદ્સે સીર્રહુની ઝબાનથી જુઓ. આપ ફરમાવે છે.:

*હસન ઇબ્ને અલી(અ.સ.)એ એક દિવસ પોતાના ફરઝંદ હઝરત મીમ-હે-મીમ-દાલ મહદી (અ.ત.ફ.શ.)ને અમારી સામે રજુ કર્યા અને અમને તે મુકદ્દસ વુજૂદ બતાવ્યું, અમે ૪૦ લોકો હતા, જે આપ(અ.સ.)ના મુકદ્દસ ઘરે આવ્યા હતા. હઝરત હસન અસ્કરી(અ.સ.)એ ફરમાવ્યુઃ આ મારો ફરઝંદ મારા પછી તમારા ઇમામ અને પેશ્વા છે અને*

*મારા તરફથી તમારા ઉપર ખલીફા છે, તેમના હુકમની બજવણી કરો અને મારા પછી વેરવિખેર અને છુટાછવાયા ન રહો અને બીજા રસ્તે નહી જતા નહી તો હલાક થઈ જશો અને હવે પછી તમે મીમ-હે-મીમ-દાલ મહદી(અ.સ.)ને જોશો નહિ.*

(કમાલુદ્દીન, બાબઃ૪૩, પાનાઃ ૪૩૫, હદીસઃ૨)

આથી પ્રથમ જવાબદારી ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.) પર, તેમના વુજૂદે મુકદ્દસ પર અને ગયબતે સુગરામાં નક્કી કરાએલા ખાસ નાએબો પર અકીદો રાખવો તે છે.

**બીજી જવાબદારીઃ સુતા પહેલાના આદાબઃ**

ઘણી બધી જવાબદારીઓમાંથી એક જવાબદારી સુતા પહેલાના અમુક આમાલ છે, જેને અંજામ આપવા જોઇએ. રાત-દિવસ અને હંમેશા ઇન્સાને ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની ખુશ્નુદી માટે અમલ અંજામ દેતા રહેવા જોઇએ અને દરેક સમયે રૂહાનીયતને હાસિલ કરવા કોશિષ કરવી જોઇએ, જેમકે ઝીયારતે જામેઆ કબીરામાં આપણે આ કબુલ કરીએ છીએઃ

*... મોકદ્દેમોકુમ્ અમામ તલેબતી વ હવાએજી વ એરાદતી ફી કુલ્લે અહ્‌વાલી વ ઓમુરી*

*... પોતાના તમામ આમાલ અને બાબતો અને કાર્યોમાં અને ઈરાદાઓમાં આપને અગ્રતા આપવાવાળો છું.*

(ઝિયારત જામેઆ કબીરા, મફાતીહુલ જીનાન, પાનાઃ૧૦૦૬)

(અલ્લામા ઝિશાન હૈદર જવાદી સાહેબના ઉર્દુ તરજુમામાંથી)

આ વાક્ય પરથી સ્પષ્ટ રીતે જાહેર થાય છે કે પોતાના દરેક અમલ અને ઇરાદામાં ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)ને અગ્રતા આપવી જોઇએ.

હવે દુઆએ કુમૈલના આ વાક્યો પર ધ્યાન આપો કે કેવી રીતે આપણે રાત દિવસ ખુદાની યાદમાં વિતાવવાની તમન્ના કરીએ છીએ.

*યા રબ્બે અસ્અલોક બે હક્કેક વ કુદ્‌સેક . . . અન્ તજ્અલ અવ્કાતી મેનલ્ લૈલે વન્ નહારે બે ઝિક્રેક મઅમૂરતંવ્ વ ખિદ્‌મતેક મવ્સુલતંવ્ અઅ્માલી ઈન્દક મકબુલતન્ હત્તા તકુન અઅમાલી વ અવ્રાદી કુલ્લોહા વિર્દંવ્ વાહેદંવ્ વ હાલી ફી ખિદમેતક સરમદન્ ...*

*અય મારા રબ! હું તને સવાલ કરૂ છુ, તારા હકના વાસ્તાથી, તારી પાકીઝગીના વાસ્તાથી અને તારી મહાન સિફ્તો અને મહાન નામોના વાસ્તાથી... કે તુ રાત અને દિવસ મારા સમયને તારા ઝિક્રથી આબાદ બનાવ અને તારી ખિદમતમાં જોડી દે અને મારા આમાલને તારી નજદીક કબુલીયતને લાયક બનાવ ત્યાં સુધી કે મારા તમામ આમાલ અને મારો તમામ ઝિક્ર એક જ ઝિક્ર થઈ જાય (જે તારો ઝિક્ર હોય) અને મારી હાલતને તારી ખિદમતમાં હંમેશગીની બનાવ.*

(દુઆએ કુમૈલ, મફાતીહુલ જીનાન, પાનાઃ૧૧૯-૧૨૦)

**ગફલતથી જાગવુઃ**

કેટલા ખુશ કિસ્મત છે એ લોકો કે જેમની આ દુઆ કબુલ થાય છે અને તેઓ ખુદાની યાદમાં હંમેશા મશ્ગુલ હોય છે અને તેની ખિદમતની તૌફીક પણ હાસિલ કરે છે અને પોતાને તે માટે વકફ કરી દે છે.

ખુદાયા! અમને એવી પણ તૌફીક અતા કર અને તેની હુજ્જત હઝરત ઇમામ મહદી(અ.ત.ફ.શ.) પ્રત્યે રૂહાની લગાવ અને સંબંધની તૌફીક અતા કર.

દુઆઓ માટે રાતનો સમય બેહતરીન સમય છે.

એક મુન્તઝિરે રાતે સુવાના સમયે શું કરવું જોઇએ કે પોતાના ઇમામે વક્તની મુલાકાત કરી શકે? હઝરત ઇમામે મોહમ્મદે બાકીર(અ.સ.)એ ખુબજ સહેલો અને આસાન તરીકો બતાવ્યો છે. ઇમામ(અ.સ.) ફરમાવે છેઃ

*જે પણ સુતા પહેલા મુસબ્બેહાતે કુરઆન (મુસબ્બહાતે કુરઆન, તે કુરઆનના ૭ સુરા છે સુરએ ઇસ્રા (બની ઇસ્રાઇલ), સુરએ હદીદ, સુરએ હશ્ર, સુરએ સફ, સુરએ જુમ્આ, સુરએ તગાબુન, અને સુરએ અઅ્લા આ તમામ સુરાઓ શબ્દ સબ્બેહ અથવા યોસબ્બેહ અથવા સુબ્હાનથી શરૂ થાય છે.) પઢે, તો તે નહિ મરે ત્યાં સુધી કે હઝરતે મહદી(અ.સ.)ને પામી ન લે અને અગર મરી જાય તો પયગમ્બર (સ.અ.વ.)ના પાડોશમાં હશે.*

(અલ કાફી, ભાગઃ૨, પાનાઃ૬૧૯, હદીસઃ૩)

**તવજ્જોહઃ** ખરેખર! એ લોકો કેટલા ખુશનસીબ છે, જે આના પર અમલ કરવા પાબંદ છે અને પોતાના ઇમામે વકતને પામે છે.

## ત્રીજી જવાબદારીઃ જાગતી વખતના આદાબ

જયારે સુઇને જાગો, સૌથી પહેલા પયગમ્બર (સ.અ.વ.)ની પૈરવી કરતા શુક્રે ખુદા કરો, હઝરત ઇમામે જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે કે હઝરત રસુલે ખુદા (સ.અ.વ.) જ્યારે જાગતા ત્યારે આ મુજબ પઢતાઃ

*અલ્ હમ્દો લિલ્લાહીલ્લઝી અહ્યાની બઅ્દ મા અમાતની વ અલય્હિન્ નોશુર્*

*તમામ વખાણ અલ્લાહ માટે કે જેણે મને મૌત પછી જીવંત કર્યો અને તેના તરફ ઉઠાવવામાં આવશું.*

(અલ કાફી, ભાગઃ૨, પાનાઃ૫૩૮, હદીસઃ૧૬)

પછી ઇમામે અસ્ર(અ.સ.)ને યાદ કરો અને ત્રણ વખત કહોઃ

*સલ્લલ્લાહો અલૈક યા સાહેબઝ્ ઝમાન વ રહમતુલ્લાહે વબરકાતોહ, અલ્ હમ્દો લિલ્લાહિલ્લઝી અહ્યાની બે વિલાયતેક વ વિલાયતે આબાએકત્તાહેરીન.*

*અય ઇમામે વક્ત! આપ પર ખુદાની સલવાત અને સલામ થાય અને અલ્લાહની રહેમત અને બરકત નાઝિલ થાય, એ અલ્લાહના વખાણ કે જેણે મને આપની અને આપના પવિત્ર બાપદાદાઓની વિલાયત અને મોહબ્બતની સાથે એક નવી જીંદગી અતા કરી.*

**તવજ્જોહઃ** એ લોકોએ કેટલી સરસ ખુશનસીબી મેળવી છે કે જેઓ નમાઝે શબ માટે જાગે છે અને આ ઝિક્રોને બજાવી લાવે છે અને ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.) અને તમામ ૧૪ મઅસુમીન (અ.મુ.સ.)થી પોતાનો રૂહાની અને મઅનવી સબંધોને જાહેર કરતા અન્ય ઇબાદતો અને ઝિક્રોમાં મશ્ગુલ થઇ જાય છે.

આજની ઝાક ઝમાલવાળી દુનિયામાં અમુક જ લોકો છે જેઓ આ જવાબદારીઓને બજાવી લાવે છે અને પોતાના ઇમામે વકતની સાથે મખ્સુસ સંબંધ અને રાબેતો રાખે છે. ખુદાયા! અમને પણ એવી તૌફીક અતા કર અને ઇમામ મહદી(અ.ત.ફ.શ.)ની સાથે રૂહાની સંબંધ બરકરાર કરી દે.

આ લેખમાં અમે ત્રણ જવાબદારીઓ બયાન કરવાની ખુશનસીબી હાસિલ કરી છે. ઇન્શાઅલ્લાહ જીંદગી રહી તો આવતા અંકમાં વધુ જવાબદારીઓ પર પ્રકાશ ફેકશું.

# હઝરત ઈમામ મહદી (અ.સ.)ના મદદગારોમાં ઔરતોની ભૂમિકા

ઔરતો જીંદગીનો જરૂરી હિસ્સો છે, તેમની જરૂરત અને અસરો ફક્ત વૈવાહિક જીંદગી સુધી મર્યાદિત નથી, પરંતુ જીંદગીના દરેક તબક્કામાં ઔરતોનો રોલ ખુબ જ મહત્વનો અને અસરકારક છે.

ખાતુનો જ્યાં એક તરફ ઘરને શણગારે અને સજાવે છે, ત્યાં પુરા સમાજને પણ સજાવે છે. તેમની ગોદ એક મકતબ છે, સ્કુલ છે, કોલેજ છે, યુનિવર્સિટી છે, તરબીયતની જગ્યા છે, ચારિત્ર્યના ઘડતરનું કારખાનું છે. બલંદતરીન મકામ રાખનાર, ફખ્ર અને ગર્વ કરી શકાય તેવા વ્યક્તિની બુનિયાદ આ જ આગોશમાં રાખવામાં આવી છે. બહાદુર, મુજાહિદ(સંઘર્ષ કરનાર), જાંબાઝ, દિલેર, શુજાઅ દરેક આ જ આગોશમાં પરવરિશ પામેલ છે, ઈન્કેલાબની ઉમ્મીદ આ જ આગોશથી ફૂટે છે, દુનિયાના તમામ ઈતિહાસકારો, ઓલમા, મોહદ્દીસો, ફકીહો, શોઅરાઓ, વૈજ્ઞાનિકો, સંશોધકો, રાજકારણી વ્યક્તિઓ, હુક્મરાનો અને બાદશાહો બધા આ જ આગોશના આભારી છે. ટુંકમાં એ કે ઈન્સાની ઈતિહાસમાં ઔરતનો કિરદાર મર્દોથી ઓછો નથી, અલબત્ત દુનિયાના તમામ ઝાલિમો જાબિર, કાતિલ, આંતકવાદી, ફસાદી પણ આ આગોશથી જ નિકળ્યા છે.

ઈસ્લામી ઈતિહાસમાં ખાતુનનો રોલ ખુબ જ મહત્વનો છે. તેમની કુરબાનીઓ, ઈખ્લાસ, ઈસાર અને ફિદાકારી ખુબ જ પ્રખ્યાત છે. કુરઆને કરીમ અને ઈતિહાસે અમુક ઔરતોના કિરદારને ખાસ બયાન કર્યો છે, જેમકેઃ

૧. જનાબે મુસા(અ.સ.)ના વાલેદા

૨. આસીયાહ બિન્તે મઝાહિમ (ફીરઔનની પત્ની)

૩. જનાબે મરીયમ (હઝરત ઈસા(અ.)ના વાલેદા)

૪. જનાબે હાજરા (જ.ઈસ્માઈલ (અ.)ના વાલેદા)

૫. મલીકા બિલ્કીસ

૬. ઉમ્મુલ મોઅમેનીન જનાબે ખદીજતુલ્ કુબરા (સ.અ.) રસુલે ખુદા(સ.અ.વ.)ના પત્ની

૭. જનાબે ફાતેમા બિન્તે અસદ(સ.અ.) હઝરત અલી(અ.સ.)ના વાલેદા

૮. જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) સય્યદતુન્ નિસાઈલ આલમીન

૯. જનાબે ઝયનબે કુબરા(સ.અ.) શરીકતુલ હુસૈન(અ.સ.)

૧૦. જનાબે નરજીસ ખાતુન(સ.અ.) ઈમામે ઝમાના(અ.સ.)ના વાલેદાએ ગિરામી

ખાતુનોની એક લાંબી યાદી છે, જે ઈસ્લામમાં મહત્વનો મકામ ધરાવે છે, જેને ઈસ્લામની અને ખાસ કરીને અહલેબૈત(અ.મુ.સ.)ના માટે મહાન ખિદમત અંજામ આપી છે.

### એક મહત્વનો સવાલઃ

શું હઝરત ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ના ખાસમાં ખાસ ૩૧૩ અસ્હાબમાં ઔરતો પણ શામિલ છે કે નહી?

આ સવાલ ના બે જવાબ છેઃ

### ૧. સામાન્ય જવાબઃ

અ. દુનિયાની કોઈ ચળવળ એવી નથી કે જેમાં ઔરતો શામિલ ન હોય અને તેઓએ સ્પષ્ટ અને દેખાઈ આવે તેવો રોલ ન બજાવ્યો હોય.

બ. દીને ઇસ્લામે મર્દ અને ઔરત બન્નેને એક સાથે જવાબદાર ગણાવ્યા છે, ઇસ્લામના તમામ એહકામ તેની શર્તોની સાથે મર્દ અને ઔરત બંને ઉપર વાજીબ છે, નમાઝ, રોઝા, હજ, ઝકાત અને ખુમ્સ બધા પર વાજીબ છે. અમ્ર બિલ મઅરૂફ અને નહ્ય અનિલ મુન્કર જેવી મહત્વની જવાબદારીઓના બારામાં ખુદાવંદે તઆલા ઇરશાદ ફરમાવે છે:

*વલ્ મોઅ્મેનુન વલ્ મોઅ્મેનાતો બઅ્ઝોહુમ્ અવ્લેયાઓ બઅ્ઝ યઅ્મોરૂન બિલ્ મઅ્રૂફે વ યન્હવ્ન અનિલ્ મુન્કરે વ યોકીમુનસ્સલાત વ યોઅ્તુનઝ્ ઝકાત વ યોતીઉનલ્લાહ વ રસૂલહૂ ઓલાએક સયર્હમોહોમુલ્લાહો ઇન્નલ્લાહ અઝીઝુન્ હકીમ*

(સુરએ તૌબાઃ૭૧)

*મોઅમિન મર્દ અને મોઅમિન ઔરતો એક-બીજાના વલી અને મદદગાર છે, તેઓ નેકીનો હુકમ આપે છે અને બુરાઇથી રોકે છે, નમાઝ કાયમ કરે છે અને ઝકાત અદા કરે છે, અલ્લાહ તથા તેના રસુલની ઇતાઅત કરે છે, તે જ લોકો છે કે જેના પર અલ્લાહ રહેમ કરશે, ચોક્કસ! અલ્લાહ શકિતશાળી અને હિકમતવાળો છે*

સુરએ અહઝાબની ૩૫ અને ૩૬ મી આયતમાં આ રીતે વર્ણન થયું છે:

*ઇન્નલ્ મુસ્લેમીન વલ્ મુસ્લેમાતે વલ્ મોઅ્મેનીન વલ્ મોઅ્મેનાતે વલ્ કાનેતીન વલ્ કાનેતાતે વસ્સાદેકીન વસ્સાદેકાતે વસ્સાબેરીન વસ્સાબેરાતે વલ્ ખાશેઇન વલ્ ખાશેઆતે વલ્ મોતસદ્દેકીન વલ્મોતસદ્દેકાતે વસ્સામેઇન વસ્સામેઆતે વલ્ હાફેઝીન ફોરૂજહુમ્ વલ્ હાફેઝાતે વઝ્ઝાકેરીનલ્લાહ કસીરંવ્ વઝ્ઝાકેરાતે અઅદ્દલ્લાહો લહુમ્ મગ્ફેરતંવ્ વઅજ્રન્ અઝીમા*

*વમા કાન લે મોઅ્મેનિંવ્ વલા મોઅ્મેનતિન્ એઝા કઝલ્લાહો વ રસૂલોહૂ અમ્રંન્ અંય્યકુન લહોમુલ્ ખેયરતો મિન્ અમ્રેહિમ્ વ મંય્યઅ્સિલ્લાહ વ રસૂલહૂ ફકદ્ ઝલ્લ ઝલાલમ્ મોબીના.*

*બેશક! મુસલમાન મર્દો તથા મુસલમાન ઔરતો, મોઅમિન મર્દો અને મોઅમિન ઔરતો, ઇતાઅત ગુઝાર મર્દો અને ઇતાઅત ગુઝાર ઔરતો, સહીહ બોલવાવાળા મર્દો અને સાચુ બોલનારી ઔરતો, સબ્ર કરનાર મર્દો અને સબ્ર કરનારી ઔરતો, ખુદાથી ડરવાવાળા મર્દો અને ખુદાથી ડરવાવાળી ઔરતો, મિસ્કીન અને મોહતાજનો ખ્યાલ રાખવાવાળા મર્દો અને મિસ્કીન અને મોહતાજનો ખ્યાલ રાખવાવાળી ઔરતો, રોઝેદાર મર્દો અને રોઝેદાર ઔરતો, પાકદામન મર્દો અને પાકદામન ઔરતો, ખુદાને ખુબ જ યાદ કરનારા મર્દો અને ખુદાને ખુબ જ યાદ કરનારી ઔરતો માટે ખુદાવંદે આલમે એ તમામ માટે મગફેરત અને મહાન બદલો તૈયાર રાખેલ છે.*

*કોઇ મોઅમિન મર્દ અને મોઅમિન ઔરતને એ હક અને ઇખ્તેયાર હાસિલ નથી કે જ્યારે ખુદા અને તેના રસુલ કોઇ ફેંસલો કરી દે, તો તે પોતાની તરફથી કોઇ અભિપ્રાય આપે અને જે પણ ખુદાવંદે આલમ અને તેના રસુલની નાફરમાની કરશે તે ખુલ્લી ગુમરાહીમાં છે.*

આ આયતોમાં ખુદાવંદે મુતઆલે મર્દોની સાથો-સાથ ઔરતોનો ઉલ્લેખ કર્યો છે. આનાથી સ્પષ્ટ થાય છે કે દીને મુકદ્દસે ઇસ્લામમાં ઔરતોની જવાબદારી અને તેમનો રોલ મર્દોથી કોઇ પણ રીતે ઓછો નથી.

હઝરત વલીએ અસ્ર(અ.સ.)નો ઝુહૂરે પુરનૂર દરેક ઈસ્લામી તઅલીમાતનો પ્રેક્ટીકલ ઝુહુર હશે, તો પછી એ કેવી રીતે શક્ય છે કે આ વૈશ્વિક ઝુહુર અને હુકુમતમાં ખાતુન શામિલ ન હોય? ઝુહૂર માટે જમીનને તૈયાર કરવી જેવી રીતે મર્દોની જવાબદારી છે, તે જ રીતે ઔરતોની પણ જવાબદારી છે. હઝરત વલીએ અસ્ર(અ.સ.)ના બારામાં જેટલા પ્રમાણમાં મર્દોની જવાબદારી છે, એટલી જ ઔરતોની જવાબદારી છે. જવાબદારીઓ સરખા પ્રકારની છે, જવાબદારીઓનું મેદાન અલગ-અલગ છે. એકનું મેદાન મેદાને જેહાદ છે. બીજાનું મેદાન ઘરમાં સિપાહીઓ, ફિદાકારો અને જાંનિસારોની તરબીયત છે.

## ૨.મખ્સુસ જવાબઃ

આ સામાન્ય દલીલોની સાથો-સાથ રિવાયતોમાં પણ આ વાત બયાન કરવામાં આવી છે. હઝરત ઈમામ મહદી (અ.સ.)ના લશ્કરમાં ખાતુનો પણ હશે. આ રિવાયત તરફ ધ્યાન આપોઃ

જનાબે જાબીરે જોઅફીએ હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)થી હઝરત ઈમામ મહદી (અ.સ.)ના બારામાં એક લાંબી હદીસ ફરમાવી. હઝરત ઈમામ મહદી(અ.સ.)ના ઝુહુરના વખતના હાલાત બયાન કરતા ફરમાવ્યું:

*વ યજીઓ વલ્લાહે સલાસો મેઅતિન્ વ બિઝ્અત અશર રજોલન્ ફીહીમ્ ખમ્સુન ઈમ્રઅતન્ યજ્તમેઉન બેમક્કત અલા ગયરે મીઆદીન કઝઅન્ કકઝએ અલ્ ખરીફે યત્બઓ બઅ્ઝોહુમ્ બઅ્ઝન્ વહેય અલ્ આયતો અલ્લતી કાલ અલ્લાહો*

*અયનમા તકુનુ યઅ્તે બેકુમુલ્લાહો જમીઅન્ ઈન્નલ્લાહ અલા કુલ્લે શયઈન્ કદીર*

(સુરે બકરહ : ૧૪૮)

*ફયકુલો રજોલુમ્ મિન્ આલે મોહમ્મદિન્ સલવાતુલ્લાહે અલય્હિમ્ વ હેય અલ્કરયતો અઝ્ઝાલેમતો અહ્લોહા સુમ્મ યખ્રોજો મિન્ મક્કત હોવ વ મન્ મઅહુ અસ્સલાસો મેઅતિવ્ વ બિઝ્અત અશર યોબાયેઉનહુ બય્નર્ રૂક્ને વલ્ મકામે વ મઅહુ અહદો નબીય્યીલ્લાહે વ રાયતોહુ વ સેલાહોહુ વ વઝીરોહુ મઅહૂ ફ યોનાદિલ્ મોનાદી બે મક્કત બિસ્મેહી વ અમ્રેહી મેનસ્સમાએ હત્તા યુસ્મેઅહુ અહ્લલ્ અર્ઝે કુલ્લહુમ્ ઈસ્મોહુ ઈસ્મો નબીય્યીન્*

(તફસીરે અય્યાશી ભાગઃ૧પેજઃ૬૫)

*અને તેઓ તશરીફ લાવશે, તો તેમની સાથે ત્રણસો અને અમુક લોકો હશે જેમાં ૫૦ ઔરતો હશે, આ લોકો અગાઉના કોઈ પણ વાયદા વગર મક્કામાં એવી રીતે જમા થઈ જશે જેવી રીતે પાનખરમાં હવા થકી ઝાડની નીચે પાંદડા જમા થઈ જાય છે, એક બીજાની સાથે ખંભે ખંભા મેળવીને. આ છે એ આયતનો મતલબ કે જેમાં ખુદાવંદે મુતઆલ ફરમાવે છેઃ કે તમે જ્યાં પણ રહો, ખુદાવંદે મુતઆલ તમને સૌને એક જગ્યાએ જમા કરી દેશે. યકીનન! ખુદાવંદે આલમ દરેક ચીજ ઉપર કુદરત ધરાવે છે.*

(સુરએ બકરહ, આયતઃ ૧૪૮)

*તે સમયે આલે મોહમ્મદ(અ.મુ.સ)માંથી એક શખ્સ અવાઝ આપશેઃ આ તે જગ્યા છે, જેના રહેવાવાળા ઝાલિમ છે, પછી તેઓ મક્કા તશરીફ લઈ જશે. ૩૦૦ અને અમુક લોકો તેઓની સાથે હશે. મકામે ઈબ્રાહીમ અને હજરે અસ્વદની દરમિયાન તેમના મુબારક*

*હાથ પર બયઅત કરશે, તેની પાસે રસુલે ખુદા (સ.અ.વ.)નું અહદનામું હશે. તેમનો પરચમ, તેમના હથિયાર(તલવાર), તેમના વઝીરોની સાથે હશે. તે સમયે મક્કામાં આસ્માનમાંથી એક મુનાદી તેમના નામ અને તેમના અમ્રની સદા આપશે, જેને તમામ જમીનમાં રહેવાવાળા સાંભળશે.*

આ હદીસ સ્પષ્ટ રીતે બયાન કરી રહી છે કે, ઈમામ મહદી (અ.સ.)ની સાથે ''૫૦ ખાતુનો'' હશે.

આ રિવાયતો ઉપરાંત અન્ય પણ અસંખ્ય રિવાયતો છે, જેમાં હઝરત ઈમામ મહદી(અ.સ.)ના શરૂઆતમાં અસ્હાબની સંખ્યા ૩૧૩ બતાવવામાં આવી છે. આ તે ચુંટાએલા અને પસંદ કરાએલા વ્યક્તિઓ હશે, જે ઝુહુરના શરૂઆતના સમયે તેમની સાથે હશે. જે સમયે તેઓ ઝુહુર ફરમાવશે આ ૩૧૩ વ્યક્તિઓ તેમની સાથે હશે. આ અસ્હાબો યકીનન ઉચ્ચ અને બુલંદ સિફ્તો ધરાવનારા હશે. તેમના અઅમાલ, અખ્લાક અને કિરદાર ખુબજ બુલંદ હશે. પછી ધીરે ધીરે અસ્હાબની સંખ્યામાં વધારો થશે. હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)ને જ્યારે આ ૩૧૩ અસ્હાબોની ખાસીયતના બારામાં પુછવામાં આવ્યુ, તો ઈમામ(અ.સ.)એ આ રીતે તેમની અમુક સિફતો બયાન કરીઃ

*અત્લુબ્હુમ્ ફી અત્‌રાફિલ્ અર્‌ઝે ઓલાએકલ્ ખફીઝો અય્‌શોહોમુલ્ મુન્તકેલતો દારોહોમુલ્લઝીન ઈન્ શહેદુ લમ્ યુઅ્રફુ વઈન્ ગાબુ લમ્ યુફ્તકદુ વઈમ્ મરેઝુ લમ્ યોઆદુ વઈન્ ખતબુ લમ્ યોઝવ્વજુ વ ઈમ્ માતુ લમ્ યુશ્‌હદુ ઓલાએકલ્ લઝીન ફી અમ્વાલેહીમ્ યતવાસવ્‌ન વ ફી કોબુરેહીમ્ યતઝાવરૂન વલા તખ્‌તલેફો અહ્‌વાઓહુમ્ વએનિખ્તલફત્ બેહેમુલ્ બુલ્દાન્*

(ગયબતે નોઅમાની, પાનાઃ ૩૦૩)

*તે લોકોને ઝમીનના ખુણા અને કિનારા પર તલાશ કરો. તેમની જીંદગી ખુબ જ સાદી અને આસાન છે. તેઓ એક જગ્યાએ લાંબા સમય સુધી રહેતા નથી. લોકોની દરમિયાન રહે, તો ઓળખાતા નથી અને દેખાય નહીં તો લોકો તેમની ખબર લેતા નથી અને અગર બીમાર હોય, તો લોકો અયાદત કરતા નથી, અગર રિશ્તો માંગવામાં આવે લોકો તેમની સાથે શાદી નથી કરતા અને અગર દુન્યામાંથી રૂખ્સત થઇ જાય તો લોકો તેઓની તશીય્યએ જનાઝામાં નથી આવતા, તેઓ પોતાના માલ થકી બીજાની મદદ કરતા રહે છે, કબરોમાં એક બીજાની ઝિયારત કરે છે, જુદા જુદા શહેરોમાં હોવા છતા તેમના નઝરિયાત એક બીજાથી જુદા નથી.*

એક વખત ફરીથી અરજ કરીએ છીએ, જુદી-જુદી રિવાયતોમાં હઝરત ઈમામ મહદી(અ.સ.)ના શરૂઆતના અસ્હાબોની સંખ્યા અસ્હાબે બદ્રની જેમ ૩૧૩ છે.

એક સવાલ દિમાગમાં એ આવે છે કે જે ૫૦ ખાતુનનો ઝિક્ર કરવામાં આવ્યો છે, તે ૫૦ ખાતુનો આ ૩૧૩ અસ્હાબમાં શામિલ છે કે પછી ૫૦ ખાતુનો આ ૩૧૩ સહાબીઓથી અલગ છે? આ રીતે રિવાયતનો મતલબ એ થશે કે જે સમયે હઝરત ઈમામ મહદી (અ.સ.) ઝુહુર ફરમાવશે તે સમયે તેમની સાથે ૩૧૩ મર્દ હશે અને ૫૦ ખાતુનો હશે. એટલે કે તે સમયે તમામ અસ્હાબે ખાસની સંખ્યા ૩૬૩ હશે. રિવાયતના જાહેરી શબ્દો આજ વાતને બયાન કરી

રહ્યા છે. આ એ રીતે થઇ શકે છે કે આ ૫૦ ખાતુનોની તમામ સિફતો અને ખાસિયતો કંઇક અલગ હશે. ચોક્કસ આ ૫૦ ખાતુનો પણ ઇમાન, અખ્લાક અને અમલ અને કિરદારમાં ખુબ જ બુલંદ દરજ્જા પર ફાએઝ હશે.

આમ પણ થઇ શકે છે કે આ ખાતુનો આ ૩૧૩ અસ્હાબમાં શામિલ છે. આ રીતે ઝુહુરના સમયે હઝરત ઇમામ મહદી (અ.સ.)ની સાથે ૨૬૩ મર્દો અને ૫૦ ખાતુનો હશે. આમ હોય તો આ ખાતુનો ઇમાન, અમલ અને અન્ય સિફતોમાં મર્દોની જેમ જ હશે. આ રીતે આ ખાતુનો ખુબજ બુલંદ મરતબા ધરાવનારી હશે.

પરંતુ, વાત એ છે કે રિવાયતમાં જે ૩૧૩ નો શબ્દ ઉપયોગ કરવામાં આવ્યો છે તે ''રજોલ-રજોલન'' છે અને રજોલનો જાહેરી અર્થ મર્દ થાય છે. હવે જરા જોઇએ કે ડીક્ષનરીમાં શબ્દ ''રજોલ'' ના શું અર્થો બયાન થયા છે? શું આ શબ્દ ''રજોલ'' હંમેશા ઔરતોના મુકાબલામાં મર્દો માટે ઉપયોગ થાય છે કે પછી શબ્દ ''રજોલ'' શુજાઅ અને બહાદુરના અર્થમાં પણ થાય છે? કારણકે સામાન્ય રીતે જંગોમાં મર્દોની શુજાઅત સામે આવે છે, એટલા માટે આ બહાદુરને''રજોલ'' કહેવામાં આવે છે.

''તાજુલ ઉરૂસ મિન જવાહેરિલ્ કામુસ'' ડીક્ષનરીની ભરોસા પાત્ર કિતાબ છે. આ કિતાબમાં ''રજોલ''ની વઝાહત આ રીતે કરવામાં આવી છેઃ

*વકદ્ યકુનુર્ રજોલો સેફતન્ યઅ્ની બેહી શિદ્દતો વલ્ કમાલ*

*અને ક્યારેક ''રજોલ'' એક સિફત હોય છે, જેનાથી શિદ્દત અને કમાલ અર્થ લેવામાં આવે છે.*

કુરઆને કરીમમાં સુરએ બકરહ આયતઃ ૨૩૯ માં ''રેજાલ'' પગે ચાલતા સિપાહીઓ માટે ઉપયોગ કરવામાં આવ્યો છે.

*ફઇન્ ખિફ્તુમ્ ફ રેજાલન્ અવ્ રૂક્બાનન*

*પછી અગર તમને ડર હોય તો પગે ચાલતા અથવા સવારીની હાલતમાં નમાઝ અદા કરો.*

આથી શક્ય છે કે ૩૧૩ રજોલનો જે ઉલ્લેખ રિવાયતમાં છે, તેનાથી ફક્ત મર્દ મુરાદ ન હોય, બલ્કે તેનાથી મુરાદ બહાદુર અને શુજાઅ હોય. આમ હોય તો ''ફીહિમ્ ખમ્સુન ઇમ્રઅતન્'' (તેમાં ૫૦ ખવાતીન હશે) આ ૩૧૩ ની સ્પષ્ટતા અને તફસીર છે.

સુરએ જીન આયતઃ૬ માં આ રીતે છે.

*વઅન્નહુ કાન રેજાલુમ્ મેનલ્ ઇન્સે યઉઝુન બેરેજાલિમ્ મેનલ જીન્ને ફ્ઝાદુહુમ્ રહકા*

*ઇન્સાનોના મર્દ જીન્નાતોના મર્દથી પનાહ તલબ કરે છે.*

બધા જાણે છે કે જીન્નાતોમાં ફક્ત મર્દ નથી હોતા ઔરતો પણ હોય છે. એવુ પણ નથી કે જીન્નાત ઔરતો મર્દોની જેમ અસર નથી રાખતી, અહીં ''રેજાલ''નો ઉપયોગ ''જાતી'' માટે થયો છે, જેમાં મર્દ અને ઔરત બંને શામિલ છે.

હઝરત ઇમામ જઅફરે સાદિક(અ.સ.):

*યોકર્રો મઅલ્કાએમે(અ.સ.) સલાસ અશ્રત ઇમ્રઅતન્ કુલ્તો વમા યસ્નઓ બેહીન્ન? કાલ યોદાવીન અલ્જર્હ, વયકુમ્ન અલા અલ્મર્ઝા કમા કાન મઅ રસુલિલ્લાહે(સ.અ.વ.)*

(ઇસ્બાતેલ હોદાત બિન નોસુસે વલ મોઅજેઝાતે)

(ભાગઃ૫, પાનાઃ૨૦૩)

*હઝરત કાએમ(અ.સ.)ની સાથે ૧૩ ઔરતો હશે, રાવીએ પુછ્યુઃ તેઓનું કાર્ય શું હશે? ફરમાવ્યુંઃ તેઓ ઝખ્મીઓના ઈલાજ કરશે અને બીમારોની સેવા ચાકરી કરશે, જેવી રીતે હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ના સમયમાં હતું.*

એક અન્ય રિવાયતમાં આ રીતે ૧૩ ખાતુનનો ઝિક્ર છે. તેમાં પણ હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)એ ફરમાવ્યુંઃ આ ખાતુનો બીમારોની સેવા કરશે, એ રિવાયતોમાં આ ખાતુનોના નામનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યા છે. રિવાયતના રાવિ ''મુફઝ્ઝલ બિન ઉમરે'' જયારે આ ખાતુનોના નામ પૂછ્યા, તો ઈમામ(અ.સ.)એ આ નામો બતાવ્યાઃ

*અલ્ કિનૂવાઓ બિન્તો રૂશૈદિન, વ ઉમ્મો અયૂમન, વહબાબતો અલ્ વાલેબીય્યતો, વ સુમય્યતો ઉમ્મો અમ્મારિબ્ને યાસીરિન્, વ ઝોબય્દતો, વ ઉમ્મો ખાલેદિન્ અલ્ અહ્મસીય્યતો, વ ઉમ્મો સઈદિન્ અલ હનફીય્યતો, વ સોબાનતો અલ્ માશેતતો, વ ઉમ્મો ખાલેદિન્ અલ્ જોહનીય્યતો.*

(ઈસ્બાતેલ હોદાત બિન નોસુસે વલ મોઅજેઝાતે)

(ભાગઃ૫, પાનાઃ૨૦૩)

*રૂશૈદે હુજરીની બેટી ''કન્વા'', ઉમ્મે અયૂમન, હબાબતુલ્ વાલેબીયા, અમ્મારે યાસિરની વાલેદા સુમય્યા, હારૂનના પત્ની ઝુબૈદા (હારૂનને જ્યારે જાણ થઈ કે તેણી શીઆ થઈ ગઈ છે, તો તેણીને તલાક આપી દીધી જેવી રીતે ફિરઔનની પત્ની આસીયા) ઉમ્મે ખાલિદ અહમસીયા, ઉમ્મે સઈદ હનફીયા અને સોબાના માશેતા, ઉમ્મે ખાલિદ જોહનીય્યાહ.*

આ નવ ખાતુનો એ છે જે દુનિયામાંથી ગુજરી ગઈ છે. આ રિવાયતો જ્યાં હઝરત ઈમામ મહદી(અ.સ.)ના અસ્હાબોમાં ખાતુનોનું શામિલ હોવાનું બયાન કરે છે, ત્યાં સાથો સાથ એ પણ સ્પષ્ટ કરે છે કે જ્યારે હઝરત ઈમામ મહદી(અ.સ.)નો ઝુહૂર થશે, એ સમયે ફક્ત મર્દોની રજઅત નહિ થાય, પરંતુ ઔરતોની પણ રજઅત થશે. ઈમામ(અ.સ.)એ ચાર ઔરતોના નામ નથી બતાવ્યા કદાચ એ કારણે આ ઔરતો હવે પછીના ઝમાનાની હશે. આ પણ શક્ય છે ઈમામ(અ.સ.)એ એટલા માટે આ ૪ ઔરતોનો ઝિક્ર કર્યો ન હોય કે ભવિષ્યમાં આવવાવાળી ખાતુનો પોતાના ઈમાન, અમલ, કિરદાર અને અખ્લાક વડે આ ખુશનસીબ ખાતુનમાં શામીલ થઈ શકે.

રિવાયતોમાં ૫૦ ખાતુનનો ઝિક્ર કરવામાં આવ્યો છે. ઈમામ(અ.સ.)એ ફક્ત ૯ ખાતુનનો ઝિક્ર કર્યો છે અને ૪ ઔરતોના નામ નથી લીધા. આ પણ ઔરતોને એ વાત તરફ ધ્યાન કેન્દ્રિત કરે છે કે તે પણ ઈમાન અને અમલથી ૩૧૩ માં શામિલ થઈ શકે છે. કોઈ પણ રીતે એ વાત સ્પષ્ટ છે કે જે સમયે હઝરત ઈમામ મહદી (અ.સ.) ઝુહુર ફરમાવશે ખાતુનો પણ તેમની સાથે હશે.

આ લેખ મેગેઝીન (અલ મવઉદ, અંક-૭ જમાદીઉલ આખર, હી.સ. ૧૪૪૦ ના લેખ ''દોરૂલ્ મર્અત ફિલ્ કિયામિલ્ મહદી''માંથી લેવામાં આવેલ છે.)

ખુદા કબુલ ફરમાવે (આમીન)

# ઈલાહી અદ્લનો ઈન્તેઝાર

ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ના માનનીય અને મોહતરમ મુન્તઝેરીન, એ ઉચ્ચ મરતબાવાળા લોકો જે દિવસ રાત પોતાના આકા અને મૌલાના ઈન્તેઝારમાં આંખની પલકોને મટકાવ્યા વગર પોતાના સાહેબુલ અમ્રની યાદમાં બેચેન છે અને સતત આંસુભરી આંખોથી અમ્રે ઈલાહીની મોહબ્બતમાં અને એ પણ એટલી બધી ચાહતની સાથે કે ક્યારે એ સાહેબુઝ્ઝમાન(અ.ત.ફ.શ.) ની સાથે રહીને શહાદતનો જામ પીશુ. મોઅમીનોને ઇઝ્ઝત અપાવનારના એ ચાહવાવાળાઓ કે જે ઇદુલ ફિત્રના દિવસે, ઈદે કુરબાનના દિવસે અને જુમ્આના દિવસે નુદબાહ કરીને ગિર્યા અને બુકા બુલંદ કરે છે અને ઈમામ(અ.સ.)ની બારગાહમાં ગિડગિડાઇને આ અરજ કરે છે કે મૌલા! કાશ કોઇ એવો રસ્તો હોય કે જેના દ્વારા આપના સુધી પહોંચ શક્ય હોઇ શકે. ખુદા આવા મુન્તઝેરીનને સલામત રાખે જે આવા પાક અને મુખ્લીસ એહસાસને લઇને ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.)ની બારગાહમાં સૌથી મોટી કામ્યાબી પર ફાએઝ છે.

ઇલાહી અદ્લનો ઇન્તેઝાર ખુદ પોતે બોલી રહ્યો છેઃ આ માટીની ઝમીન પર ઇન્સાન બે હિસ્સાઓમાં વહેંચાએલા છે, એક એ કે જેઓ સિતમગરીનો પહાડ બની ગયા છે અને અદલો ઇન્સાફની વિરુદ્ધ પોતાની તલવારને મ્યાનમાંથી બહાર લઇ આવ્યા છે અને બીજા એ તમામ મઝલુમ, ગરીબ, કમઝોર, ફકીરો કે જે અલ્લાહની હિદાયત અને વ્યવસ્થા હેઠળ ચાલી રહ્યા છે. તેઓના પર હંમેશા ઝુલ્મો સિતમના હુમલાઓ કરીને ઝાલીમો પોતાની હુકુમત સ્થાપિત કરતા રહ્યા છે.

આ ફેલાએલી દુનિયામાં ખુબજ વિશાળતા હતી. એ સમય જયારે કાબિલ, હાબિલની લાશને લઇને ચાલી રહ્યો હતો અને વિચારી રહ્યો હતો કે શું કરે? એક તરફ અદાલતના બાની હાબિલ અને બીજી તરફ કાબિલ કે જે પોતાના કાંધાઓ ઉપર પોતાના કરેલા ઝુલ્મો સિતમનો બોજ ઉઠાવતો ફરતો હતો. ઝમાનાના પરિવર્તને બંને પાસાઓની છબી કરી. એક તરફ બરહક હાદીનો સિલસિલો શરૂ થયો, તો બીજી તરફ ઝુલ્મો સિતમનું પૂર પણ ઉભરાવા લાગ્યુ.

જેમ જેમ દુનિયા તરક્કીની તરફ આગળ વધતી ગઇ, ઝુલ્મો જૌરનું અંધારૂ ઘટાટોપ થતું ગયુ, પરંતુ આ ઘટાટોપ અંધારામાં પણ એ દિલ જે ઇમાનની શમા દિલમાં રોશન કરીને બેઠુ છે, તેમના માટે એક સીધો અને પ્રકાશિત રસ્તો સ્પષ્ટ રીતે દેખાય આવે છે.

કુરઆને કરીમમાં પરવરદિગારે આલમનો ઇરશાદ છે કે:

*લકદ્ અરસલ્ના રોસોલના બિલ્ બય્યેનાતે વ અન્ઝલ્ના મઅહોમુલ્ કેતાબ વલ્ મીઝાન લે યકુમન્નાસ બિલ્ કિસ્ત*

*ચોક્કસ અમે અમારા રસુલોને સ્પષ્ટ અને રોશન દલીલોની સાથે મોકલ્યા અને તેઓની સાથે કિતાબ અને મીઝાનને નાઝિલ કર્યું, જેથી લોકો ઈન્સાફ પર કાયમ રહે*

(સુરએ હદીદ, આયતઃ ૨૫)

આ આયતમાં પરવરદિગારે આલમે સ્પષ્ટ કર્યું છે કે અમે રસુલોને મોકલ્યા સ્પષ્ટ નિશાનીઓની સાથે અને કિતાબ અને મીઝાનને. એ માપદંડને કે જેનાથી તમે ઓળખી શકો, જોઇ શકો, અક્લને રોશન કરી શકો અને આ બધુ એટલા માટે કે તમે એક સુકૂન અને અમાનવાળી જીંદગી પસાર કરી શકો. આ આયત અને આ લેખની હેઠળ અમે એ બયાન કરવા ચાહીએ છીએ કે ઇલાહી અદ્લના તમામ પરિબળોને ઉપલબ્ધ કરી દીધા છે પરંતુ જે આ રસ્તા પર ચાલી રહ્યા છે તેઓ પોતાના દિલમાં આ હૌસલો રાખે કે સ્વતંત્ર મિજાઝ અને બહાદુરીથી કામ લેય અને એક બહેતરીન સમાજના ઇન્તેઝારમાં રહે. કારણકે માયુસી અને

નાઉમ્મીદી ક્યાંક એને એ વિચારવા માટે મજબુર ન કરી દે કે શું ખરેખર ઈલાહી અદ્લની વ્યવસ્થા સ્થાપિત થશે? આથી પરવરદિગાર આ આયત થકી એ યકીન અપાવી રહ્યો છે કે કિતાબ અને મીઝાન બંને બાકી છે અને ઈલાહી અદ્લની વ્યવસ્થા આ દુનિયામાં સ્થાપિત થવાની બાકી છે.

ઈન્તેઝાર અને ઈમામે અસ્ર(અ.સ.) તરફ ધ્યાન આપવું આ એક વ્યક્તિગત અમલ પણ છે અને સામુહિક અમલ પણ. યાદ રહે દરેક એ શખ્સ અને જમાઅત જે ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ના હકને ઓળખે અને વિલાયતના નિશાન પર કદમ આગળ વધારે અને પોતાને એ એહસાસની સાથે જેનો ઈન્તેઝાર કરવાનો છે તે જામએ જહાનીએ ઈલાહી, જે આ ઝમીનના પટ પર આ સમયે ખુદાના એક માત્ર ચૂટેલા બંદા છે, જે તમામ ઝમીન પર કરવામાં આવતી ઈબાદતોની કબુલીયતનો સબબ છે, તેમનો ઈન્તેઝાર કરીને પોતાની બુલંદી અને કમાલની હદ સુધી પહોંચવાનો રસ્તો તેયાર કરી રહ્યા છે, પરંતુ આ દૌલતે કરીમા કે જે 'બાબુલ્લાહીલ્લઝી મિન્હો યુઅ્તા' (અલ્લાહનો એ દરવાજો બે જેના દ્વારા અલ્લાહ સુધી પહોંચાય) છે, તેના સુધી પહોંચવા માટે ઈન્તેઝાર દાવામાં સચ્ચાઈનો સ્વાદ જરૂરી છે. ત્યારે શાયદ પયગમ્બરે ખુદા (સ.અ.વ.)ની આ હદીસના મિસ્દાક ગણવામાં આવશું કે જેમાં આપ(સ.અ.વ.)એ ઈમામે અસ્ર(અ.સ.)ના મુન્તઝેરીનના બારામાં ફરમાવ્યું છેઃ

ખુશખબરી છે, તેમના માટે જે મારા એહલેબૈત (અ.મુ.સ.)ના કાએમ(અ.ત.ફ.શ.)ને પામશે. એમના કયામ પહેલા એમની પૈરવી કરશે, એમની ગયબતમાં તેમના પર અને તેમના પહેલા જે અઈમ્મા(અ.મુ.સ.) પસાર થયા છે, તેમના પર ઈમાન રાખશે અને અલ્લાહ માટે તેમના દુશ્મનોથી બેઝાર રહેશે અને આ લોકો મારા દોસ્ત અને મારી ઉમ્મતના સૌથી ઈઝ્ઝતદાર લોકો હશે.

(કમાલુદ્દીન, ભાગઃ૧, પાનાઃ૨૮૬)

એટલે કે અઝીઝાને ગીરામી! ઈમામે ઝમાના (અ.સ.)ના પવિત્ર ઈન્તેઝારના પર્દા પાછળ કેટલાય ઈન્તેઝાર છુપાએલા છે કે જે હઝરતના પવિત્ર ઝુહૂરની સાથે દેખાય આવશે.

ઈમામે ઝમાના(અ.સ.)નો ઈન્તેઝાર એ ફકત ઈમામે ઝમાના(અ.સ.)નો ઈન્તેઝાર નથી પરંતુ ઈલાહી અદ્લનો ઈન્તેઝાર છે. અલ્લાહના એહકામ લાગુ પાડવાનો ઈન્તેઝાર છે. એહકાકુલ હક અને ઈબ્તાલુલ બાતિલ (હકને સ્થાપિત કરવાનો અને બાતિલને રદ બાતલ કરવાનો) નો ઈન્તેઝાર છે.

જ્યારે આપણે દુઆએ ઈફતેતાહના આ જુમ્લાની અદાયગી પર વિચાર કરીએ છીએ તો ઈલ્મ અને હિકમત, ફસાહત અને બલાગત ઈતિહાસના અરીસામાં જોવું અને કુર્આનની તિલાવતની રોશનીમાં કેટલાય ઝરૂખાઓ પ્રકાશિત થાય છે. એટલા માટે અમે અહીં અટકીને વાંચકો માટે અમુક લાઈનો લખીએ છીએ. આ દુઆના બે હિસ્સા છે. એક હિસ્સામાં ઈસ્લામી હુકૂમતના શોખની દઅવત આપે છે, જેમા ખાલિસ અદ્લે ઈલાહી સ્થાપિત થશે, જે ભવિષ્ય તરફ આપણને વિચારવાની ફિક્ર આપે છે. આ એ સમયે શક્ય બનશે જ્યારે આપણા આખરી ઈમામ(અ.સ.)ની હુકૂમત હશે. બીજો હિસ્સો વર્તમાન અને ભવિષ્યની દરમિયાન જે સમય પસાર થયો છે અને પસાર થશે તેના વિષે જણાવે છે. તેમાં નિફાક એવી રીતે ભરેલુ હશે, જેનું ઉદાહરણ આવી રીતે આપી શકીએ છીએ. જેમકે દુનિયા એક વાસણ હશે અને નિફાકની શરાબ તેમાં છલકતી હશે. આ દુઆની તઅલીમ એ હસ્તીએ આપી છે, જેમને હુઝૂરે સરવરે કાએનાત (સ.અ.વ.)એ આખરી મોહમ્મદનું નામ આપ્યુ છે.

**ઈશારોઃ** આપણા ઓલમાએ ઘણી બધી મહેનતો અને કોશીશોની સાથે એ વાતને સ્પષ્ટ કરી દીધી છે કે જે બયાન દુઆના સ્વરૂપમાં અથવા અન્ય કોઈ સ્વરૂપમાં મઅસુમીન(અ.મુ.સ.)ની મુબારક ઝબાનેથી

અદા થયુ હશે, તેની સમજુતી કુર્આનમાં મળી જશે. આથી જ્યારે આપણે કુર્આનની તિલાવત કરીએ છીએ, તો આપણા દિમાગમાં આવેલા એ અહેસાસને જગાડે છે કે મારા રસુલ(સ.અ.વ.) કેટલા અઝીમ મરતબાવાળા હતા કે જેમનું નામ મોહમ્મદ(સ.અ.વ.) હતુ. કુર્આનમાં આવેલ છે કે, 'મા મોહમ્મદુન્ ઇલ્લા રસૂલ' 'મોહમ્મદ(સ.અ.વ.) કંઇ નથી સિવાય રસૂલ' એટલે કે તેમની તમામ ફઝીલતો રિસાલતમાં છુપાએલી છે. જેનો મતલબ એ થાય છે કે ખુદાવંદના અહેકામ લઇને આવ્યા અને ઉમ્મત સુધી પહોંચાડી દીધા. આ દુઆને પઢ્યા પછી ફસાહત અને બલાગતની દિલમાં એક ઉમંગ ઉભી થાય છે. આપણે વિચારીએ છીએ કે શિર્ક અને કુફ્રના બદલે શબ્દ નિફાક શા માટે રાખ્યો છે? એહલેબૈતે રસુલ(સ.અ.વ.)ને જે તકલીફો મુનાફીકોએ પહોંચાડી છે, તેમના વિરૂધ્ધ કાવતરાઓ કર્યા છે અને જાળ બિછાવી છે એ સૌનો એક મોટો સિલસિલો સામે આવી જાય છે, આથી જ શાયરે ખુબ જ ખુબસુરત અંદાજમાં તેને બયાન કરી દીધુ છે. આમ કહીનેઃ

*ચું ખિલાફત રિશ્તા અઝ્ કુર્આન ગસ્ખીત*

*હુર્રીયતરા ઝહર અંદદ કામ રીખ્ત*

(ખિલાફતે જ્યારે કુર્આનથી પોતાનો સંબંધ તોડી નાખ્યો અને હુર્રીયત અને આઝાદીના જામમાં ઝહેર નાંખી દીધુ)

આ દુઆની તમહીદ અને તમજીદમાં વિચારવા લાયક સ્થાન છે કે, એક કૌમ છે, રાષ્ટ્ર છે, સમાજ છે, જે આ ભયાનક અને તોફાની દરિયામાં પોતાની કશ્તીને એ રસ્તા પર લઇ જઇ રહી છે, જ્યાં આ તમામ આફતો અને મુસીબતો પડછાયા પાછળ ચાલી જશે અને કશ્તી ઇલાહી અદ્લના કિનારે મળી જશે અને ત્યારે આપણે એક વાદીમાં પગ રાખીશુ કે જ્યાં તેની હુકૂમત હશે. જેના માટે દુઆમાં છે અને દુઆનું પરિણામ પણ બતાવે છે કે ભવિષ્યનો એક ઝમાનો એવો હશે, જ્યારે આપણા ઇમામ (અ.સ.)ના મુન્તઝેરીનનું રહેઠાણ અને વસ્તી હશે.

એટલા માટે દુઆએ ઇફતેતાહના આખરી હિસ્સામાં આપણે પરવરદિગારને કહીએ છીએઃ

*અલ્લાહુમ્મ ઇન્ના નરગબો એલય્ક ફી દવ્લતિન કરીમતિન્ તોઇઝ્ઝો બેહલ્ ઇસ્લામ વ અહ્લહુ*

કે ખુદાવંદે આલમ અમને એ હુકૂમતે કરીમા ઇનાયત ફરમાવ, જેના થકી તુ ઇસ્લામ અને એહલે ઇસ્લામને ઇઝ્ઝત અતા કરીશ.

એ ઇસ્લામના પયગમ્બરે અકરમ(સ.અ.વ.)એ જેના માટે તકલીફો ઉઠાવી, પોતાના અને પોતાના એહલેબૈત(અ.મુ.સ.)ના પાક અને પવિત્ર ખુનથી તેની સિંચાઇ કરી, એ જ દીને ઇસ્લામ હઝરતના પુરનૂર ઝુહૂર પછી તમામ દીનો પર ગાલિબ આવશે. એટલે ઇમામનો ઇન્તેઝાર ફક્ત ઇમામનો જ ઇન્તેઝાર નથી, પરંતુ આલે મોહમ્મદ(અ.મુ.સ.)ના ખુનથી સિંચવામાં આવેલ ઇસ્લામના વૃક્ષને લીલુછમ અને તાજુ જોવાનો ઇન્તેઝાર છે. જેના પછી પુરી કાએનાતમાં ફકત અને ફકત એક કાનુન હશે અને એક જ હુકૂમત હશે.

એક ઉમ્મત એ અલ્લાહનો વાયદો છે અને તે પુરો થઇને રહેશે અને તે બારામાં કુર્આને કરીમમાં પરવરદિગારે આલમે ઘણી બધી જગ્યાએ કરેલ છે અને આ તાકીદની અસર હેઠળ એ વાત પણ સ્પષ્ટ છે કે આ ઇન્તેઝાર પરવરદિગારે આલમનો ઇન્તેઝાર છે કે લોકો ક્યારે તૈયાર થાય છે? અને પછી તેણે નિયુક્ત કરેલ સમય પર પોતાનો વાયદો પુરો કરવો છે, ભલેને કાફિરો અને મુશ્રીકોને અણગમતુ કેમ ન લાગે?

એટલા માટે કુર્આનના સુરાઓ જેમકે સુરએ અંબીયા, નૂર, કસસ અને સાફ્ફાત અને એવી જ રીતે અન્ય કુર્આનના સુરાઓમાં જુદી-જુદી આયતો થકી ઇમામ મહદી(અ.સ.)ના ઝુહૂરની ખુશ-ખબરી આપવામાં આવી છે અને તેની સાથો-સાથ વૈશ્વિક હુકુમતનું વર્ણન છે. આવી જ રીતે પયગમ્બર

(સ.અ.વ.) અને અઇમ્મએ તાહેરીન(અ.મુ.સ.)ની હદીસોમાં તમામ સનદોની સાથે ભરોસાપાત્ર હદીસોનો એક સિલસિલો છે, જે આ ઉમ્મતે વાહેદ બનવાના બારામાં નિર્દેશ કરે છે, જેના પર આ હદીસ કે જે શીઆ અને સુન્નીમાં મશ્હુર છે કે અગર આ દુનિયાને ખત્મ થવામાં એક દિવસ બાકી રહી જશે, તો ખુદાવંદે મુતઆલ એ દિવસને એટલો લાંબો કરી દેશે કે મહદીએ મવઉદ(અ.સ.) ઝુહૂર ફરમાવશે અને તમામ દુનિયાને અદ્‌લો ઇન્સાફથી એવી રીતે ભરી દેશે, જેવી રીતે તે ઝુલ્મો-જોરથી ભરેલી હશે. આથી જે સાચો મુન્તઝિર હશે, તે ખુદાવંદના કૌલનો પૈરવકાર હશે અને પયગમ્બર(સ.અ.વ.)ની હદીસો પર અમલ કરવાવાવાળો હશે, એટલા માટે તે ક્યારેય આ ઇલાહી વાયદાનો ઇન્કાર નહી કરશે, ત્યાં સુધી કે તેના બારામાં શક કરવાથી પણ પરહેઝ કરતો હશે. કારણ કે તેની નઝદીક અગર કોઇ ચીજ ઇસ્લામના વર્તુળમાં દાખલ છે કે નહી, તે માલુમ કરવુ હોય તો તે દરેક વખતે તેને કુર્આન અને એહલેબૈત(અ.મુ.સ.)ની હદીસોની રોશનીમાં જોશે.

પરવરદિગારે આલમ કે જે કાદિરે મુત્લક છે, જેણે જમીનનું ફર્શ પાથર્યુ અને તેના પર આસ્માનનું છત્ર સ્થાપિત કર્યુ. જે તમામ દુનિયાઓનો પાલનહાર અને તેની અંદર હૈરાન કરી દેવાવાળી નિશાનીઓ રાખી. એ પરવરદિગાર કે જે દરેક ચીજનું ઇલ્મ રાખે છે અને સંપુર્ણ કુદરત ધરાવનાર છે, એ દરેક મખ્લુક પર કે જે ઇન્સાનની નજરોથી દેખાઇ આવે છે અને જે નથી દેખાતી તેના પર પણ એ અલીમ અને હકીમ માટે શું એ શક્ય નથી કે ઝુહૂરના તમામ પરિબળો ઉપલબ્ધ કરી આપે અને દુનિયાની વ્યવસ્થા એક વારમાં જ બદલી નાખે?

જી હાં! તે કરી કરી શકે છે, પરંતુ તેની સ્પષ્ટતા પણ ખુદ અલ્લાહ તબારક વ તઆલાએ આવી રીતે કરી દીધી છે કે માટીની જમીન પર જ્યારે હઝરતે આદમ(અ.સ.) ને પોતાના ખલીફા નિયુક્ત કર્યા અને ઇબ્લીસે બગાવત અને વિરોધ કર્યો તો તેને મોહલત આપી અને આદમ (અ.સ.)ની ઔલાદને જ્યારે તેણે બહેકાવવાની કસમ ખાધી તો ખુદાવંદે મુતઆલે ઇરશાદ ફરમાવ્યુંઃ અમારા નેક અને સાલેહ બંદાઓને તુ હરગીઝ બહેકાવી શકીશ નહી. ઇન્સાનને આઝાદ બનાવવો આ એક ઇલાહી મશીય્યતના તકાઝાઓમાંથી એક તકાઝો છે. અગર બહેકાવવાળાઓનો ઇમામ છે, તો હિદાયતનો તેણે સંપુર્ણ ઇન્તેઝામ કરી દીધો છે. ઇતિહાસ એક પછી એક તબક્કા મુજબ આ રસ્તાને પ્રકાશત કરતો રહ્યો છે અને એટલા માટે અંતિમ બરહક હાદીને પ્રકાશિત સુરજની સાથે સરખાવ્યા છે અને તેને વાદળના નકાબની મિસાલ આપી જે ગયબતનો એક સંપૂર્ણ અને મુકમ્મલ ઇલાહી હિદાયતનો ફલ્સફો છે અથવા બીજા શબ્દોમાં ઇલાહી અદ્‌લની સ્થાપનાનો વાયદો છે અને જે પુરો થઇને રહેશે અને કુર્આને કહી દીધુ છેઃ

*બકીય્યતુલ્લાહે ખૈરૂલ્ લકુમ્ ઇન્ કુન્તુમ્ મોઅ્મેનીન્*

*અલ્લાહની બાકી હુજ્જત તમારા માટે બહેતર છે, અગર તમે મોઅમિન છો.*

(સુરએ હુદ, આયતઃ ૮૬)

પરંતુ આ ગયબત અને તેમાં કરવામાં આવતો ઇન્તેઝાર હકીકતમાં એક માપદંડ છે કે જેની બુનિયાદ ઉપર ઇલાહી હુકુમતની બુનિયાદ રાખવામાં આવનારી છે કે જે મુનાફિકોથી પાક હશે, ઝાલિમોની બુરાઇથી સુરક્ષિત હશે, નહિતર જેવી રીતે ખુદાવંદે આલમના પસંદ કરાએલા દીને ઇસ્લામની શરૂઆત અને જેના પ્રથમ એલાનમાંજ મુનાફિકોએ પોતાની માન્યતાઓને રજુ કરીને ઇસ્લામથી દુશ્મનીની સાબિતિ રજુ કરી અને પ્રથમ દિવસે જ દૌલત અને સત્તાના ભુખ્યા બદઅખ્લાકીમાં મશ્હુર લોકોએ તેને તબાહ કરીને મનોમન કાવતરાબાજીઓ શરૂ કરી દીધી હતી. આથી હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ની રહેલત પછી દીને ઇસ્લામનો ચહેરો જ બગાડીને રાખી દીધો હતો, જેના ચહેરાના સાફ કરવાની કોશીશોમાં આલે મોહમ્મદ

(અ.મુ.સ.)ના ચમનના કેટલાય ફુલોને પામાલ થવુ પડ્યુ. આથી આખરી વ્યવસ્થા જે ઈલાહી વાયદા મુજબ નિશ્ચિત છે, તેનું ઈમ્તેહાન પણ ખુબ જ સખ્ત અને જુદુ છે અને તેને એ જ પામી શકશે જે ઈમામ (અ.સ.)ની ગયબતના સમયગાળામાં મુનાફેકતનો દુશ્મન હશે, ઈલાહી અદ્લનો માનવાવાળો હશે, પરવરદિગારના અહેકામનો જાણકાર હશે, કુર્આનને દોસ્ત રાખતો હશે, સારા અખ્લાક જેની ઓળખાણ હશે, આ જ એ સીમાચીન્હ છે, જે અદ્લ અને અમનનો ઈન્તેઝારનો રસ્તો અપનાવવાવાળાની અંદર દેખાય આવશે.

ગયબત એક પરીક્ષા છે, જેમાં રિવાયતો પ્રમાણે પુષ્કળ સંખ્યામાં લોકો ગુમરાહ થઈ જશે, સિવાય અમુક લોકો કે જે ઈન્તેઝારના મતલબને સાચા અર્થમાં ગ્રહણ કરેલ હશે અને આ સમજણ એ યકીનના લીધે હશે કે જેણે અલ્લાહના વાયદાને હક જાણેલ હશે અને તેની અસર એ હશે કે તેઓ ખુદાની હુજ્જતના ગૈબમાં હોવા છતા અંધારાઓમાં પણ નુર પર ઈમાન લાવશે.

એટલા જ માટે સાચા મુન્તઝિરની એક અલગ મહત્વતા છે. તે એહતેરામને લાયક છે કે તેનું ઈમાન ઈલાહી હુકમ પર પોતાનું સર નીચે જુકાવેલ છે. કારણકે તેનો ઈન્તેઝાર જાહેરમાં તો ઈન્તેઝાર છે, પરંતુ પરંતુ હકીકતમાં તેના ઈન્તેઝારની પાછળ યકીન છે, ઈલાહી વાયદા પર યકીન છે. ઈમામે ઝમાના(અ.સ.)નું પવિત્ર વુજુદ દરેક જગ્યાએ મૌજુદ હોવા પર જે પોતાના ચાહવાવાળાઓની મુશ્કેલીઓને દુર કરતા તેઓને ગુમરાહીના અંધારામાં હિદાયતનો પ્રકાશ ઉપલબ્ધ કરાવે છે. આ ઈન્તેઝાર એ માત્ર ખાલી ઈન્તેઝાર નથી પરંતુ ખુદ મુન્તઝિરની અંદર એક વૈશ્વિક હુકુમતની તૈયારી છે. આ જ વરઅ અને તકવાની તલ્કીન આપે છે. આ ઈન્તેઝાર 'અલ મવદ્દત ફિલ કુરબા'નો પાઠ શીખવાડે છે. આ ઈન્તેઝાર કુર્આન અને એહલેબૈત(અ.મુ.સ.) સાથે તમસ્સુક કરાવે છે. આ ઈન્તેઝાર એ કરીમા હુકૂમતની બારગાહમાં લઈ જાય છે કે જેના લીધે ઈન્સાનને આ અંધાધુંધીવાળા ઝમાનામાં પણ ઉમ્મીદની એક કિરણ મહેસુસ કરે છે.

અહીં અમે અમારા આ લેખને એ વાત ઉપર સંપૂર્ણતા સુધી પહોંચાડવાની કોશિશ કરીશુ, જો કે ઈન્તેઝાર એક વિશાળ સમુદ્ર છે અને મુન્તઝિર જ્યારે તેમાં ડુબકી લગાવે છે, તો તેના ઈમાનના દરજ્જાને સમજવો અથવા તેની સ્પષ્ટતા કરવી શક્ય નથી. એટલા માટે પયગમ્બરે અકરમ(સ.અ.વ.) અને અન્ય અઈમ્મા (અ.મુ.સ.)ની આ હદીસને ભારપૂર્વક વારંવાર બયાન કરવામાં આવી છે કેઃ

*ઉમ્મતનો બહેતરીન અમલ, ફરજનો ઈન્તેઝાર છે.*

ગયબતના સમયમાં ઈન્તેઝાર કરવો એ ખાલી ઈન્તેઝાર કરવો જ નથી પરંતુ હકીકતમાં સાચા અર્થમાં ઈમામે ઝમાના(અ.સ.)ના પવિત્ર વુજૂદ પર યકીન, તેમની આદેલાના હુકૂમતની સ્થાપના અને ઈલાહી વાયદાની ગવાહી દેવી છે. તેનો ઈન્કાર જાણે કે અલ્લાહના વાયદાનો અને ઈલાહી હુકુમતનો ઈન્કાર કરવા બરાબર છે.

મિર્ઝા દબીર ગયબત પર યકીન કરવાના બારામાં બયાન કરે છેઃ

*આમાલકી પાદાશ ભરેંગે એક દિન*
*બે મૌત મરે હૈં મરેંગે એક દિન*
*જીનકો હય કિસી વુજૂદે ગાએબ પે શક*
*અલ્લાહકા ઈન્કાર કરેંગે એક દિન*

જી હા! અઝીઝાને ગિરામી, કાએમે આલે મોહમ્મદ (અ.સ.) અત્યારે મૌજુદ છે. ઈન્તેઝાર તેમની વૈશ્વિકતા અને તેમનો પ્રચાર અને તેના પર અમલ કરતા રહેવાવાળાને હિદાયતની એક એવી રૌશની આપી છે કે તમામ મુશ્કેલીઓ સહન કરીને એક એવા મકામ પર બિરાજમાન થશે, જ્યાં એક વૈશ્વિક ન્યાયી હુકૂમતની સ્થાપના કરવામાં આવશે. વ લવ્ કરેહલ્ મુશ્રેકૂન્.

# મહદવીય્યતના અકીદા પર દુનિયાની મશ્હુર સંસ્થા ‘‘રાબેતાએ આલમે ઈસ્લામ’’નો સંશોધકીય જવાબ

૧૫ શાબાનુલ મોઅઝ્ઝમ હિ.સ. ૨૫૫ની એ મુબારક સવાર હતી કે જ્યારે ખુદાવંદે આલમના આખરી હાદી અને રહેનુમા આ દુનિયામાં તશ્રીફ લાવ્યા, એટલે કે હઝરત ઈમામ હસન અસ્કરી(અ.સ.)ના ઘરે હઝરતે હુજ્જત ઈબ્નીલ હસન અસ્કરી(અ.સ.)ની વિલાદત બા સઆદત થઇ, જેને ૧૨૦ ઇતિહાસકારોએ જેમકે ઇબ્ને ખલ્કાને ‘વફાયતુલ અઅ્યાન’માં અને મોહમ્મદ ઇબ્ને ગંજી શાફઇએ ‘અલ અખ્બાર ફી સાહેબિઝ્ઝમાન’માં વર્ણન કર્યુ છે.

(દાનિશમંદાને આમ્મા વ મહદીએ મવઉદ, લેખકઃ અલી દવાની)

જાણે કે મહદવીય્યતનો અકીદો એટલે કે એક સુધારકનું દુનિયાને અદ્લો ઇન્સાફથી ભરી દેવુ. અદ્લ અને ઈન્સાફ ન ફક્ત તમામ દીનોમાં જ પરંતુ ઈન્સાનની ફિતરતમાં મળી આવે છે, પરંતુ મુકદ્દસ દીને ઇસ્લામમાં તેને ખુબ જ મહત્વતા હાસિલ છે અને કારણકે આ અકીદાની સાથે ઝુલ્મો સિતમના અંતની ખુશ-ખબરી જોડાએલી છે, આથી ઝાલિમ હાકીમોએ હંમેશા આ અકીદામાં શંકા-કુશંકા નાખીને, દાવેદારોને હવા આપીને શંકાશીલ અને કમઝોર કરવાની કોશિશ કરી. આ શંકાઓમાંથી એક આ અકીદાને ખાલિસ શીઆ અકીદો બતાવવો છે, બલ્કે નઉઝોબિલ્લાહ! કાલ્પનિક ગણાવી દેવો છે.

‘રાબેતાએ આલમે ઈસ્લામી’ એક વર્લ્ડ લેવલની સંસ્થા છે, જ્યાં આખી દુનિયાના લોકો સંપર્ક કરી શકે છે. જેની સેન્ટ્રલ ઓફીસ પવિત્ર શહેર મદીનતુન્ નબી (સ.અ.વ.)માં છે. આશરે ૧૩૯૯ હિજરીમાં અબુ મોહમ્મદ નામના એક શખ્સે કેન્યાથી મહદવીય્યતના અકીદાને ઇસ્લામી હોવાનો અને નબવી હદીસોના હિસાબે ભરોસાપાત્ર અને મુતવાતિર હોવાના બારામાં ‘રાબેતાએ આલમે ઇસ્લામી’ની ઓફીસનો સંપર્ક કર્યો હતો. ઓફીસના પ્રમુખ મોહમ્મદ માલેહ અલ કઝ્ઝાઝે સ્પષ્ટતાપુર્વક જવાબ દીધો કે, ‘‘ઇબ્ને તૈમીયા જે વહાબીય્યતના મઝહબનો બાની છે, તેણે પણ ઝુહૂરે ઇમામ મહદી(અ.સ.)ના બારામાં હદીસોને કબુલ કરી છે.

ઉપર ઉલ્લેખિત આર્ટીકલનું લખાણ હિજાઝના પાંચ મશ્હૂર ઓલમાએ મળીને સંશોધન, જદ્દો-જહેદ અને ભરોસાપાત્ર સોર્સ વિગેરેની સાથે જે કાંઇ લખાણ કર્યુ છે, તે અમે વાંચકોની માટે નીચે વર્ણન કરવાની ખુશનસીબી હાસિલ કરવા જઇ રહ્યા છીએઃ

દુનિયામાં ફિત્ના અને ફસાદના જાહેર થવા પર અને કુફ્ર અને ઝુલ્મ ફેલાઇ જવા પર ખુદાવંદે આલમ તેને મહદી(અ.સ.)ના થકી અદ્લો ઇન્સાફથી ભરી દેશે, એવી રીતે ભરી દેશે જેવી રીતે ઝુલ્મો જૌરથી ભરેલી હશે. તેમના ઝુહૂરની જગ્યા મક્કા બયાન કરવામાં આવી છે. તે તેમના બાર ખોલફાએ રાશેદીનમાંથી હશે, જેમના બારામાં પયગમ્બર (સ.અ.વ.)ની હદીસો સિહાહે સિત્તા કિતાબોમાં વર્ણન કરવામાં આવી છે. મહદી(અ.સ.)થી સંબંધિત હદીસો ઘણા બધા સહાબાએ રસુલે ખુદા(સ.અ.વ.)થી વર્ણવી છે. એ સહાબાએ કેરામમાંથી અમુકના નામો આ મુજબ છેઃ

(૧) ઉસ્માન બિન્ અફ્ફાન (૨) અલી બિન્ અબી તાલિબ(અ.સ.) (૩) તલ્હા બિન્ ઉબૈદુલ્લાહ (૪) અબ્દુર્રરહેમાન ઇબ્ને ઔફ (૫) ફરહ બિન્ અસાસ સઝ્ની (૬) અબ્દુલ્લાહ ઇબ્ને હારી (૭) અબુ હુરૈરહ (૮) હુઝૈફા બિન્ યમાન (૯) જાબિર બિન્ અબ્દુલ્લાહ અન્સારી (૧૦) અબુ અમામા (૧૧) જાબિર ઇબ્ને માજીદ (૧૨) અબ્દુલ્લાહ બિન્ ઉમર (૧૩) અનસ્ બિન્ માલિક (૧૪) ઇમરાન બિન્ હસીન (૧૫) જવ્ઝએ રસુલ(સ.અ.વ.) જનાબે ઉમ્મે સલ્મા(સ.અ.) પણ શામિલ છે.

આ વ્યક્તિઓએ સહાબાઓમાંથી જેઓએ ઇમામ મહદી(અ.સ.)ના બારામાં અને આ સિવાય પણ ઘણા બધા લોકો મૌજુદ છે.

ખુદ સહાબાઓની પણ ઘણી બધી વાતો વર્ણન કરવામાં આવી છે, જેમાં ઇમામ મહદી(અ.સ.)ના ઝુહૂરના બારામાં વાત કરવામાં આવી છે, જેને પયગમ્બર (સ.અ.વ.)ની હદીસોની સમજણ ગણી શકાય છે, કારણકે આ મસ્અલો તે મસ્અલામાંથી નથી કે જેના બારામાં ઇજતેહાદ વડે કંઇક કહી શકાય. આથી જાહેર છે કે આ વાતો પણ તેઓએ પયગમ્બર(સ.અ.વ.)થી સાંભળીને કહી છે.

વધારામાં લખ્યુ છે કે ઉપરોક્ત હદીસો જે પયગમ્બર(સ.અ.વ.)થી વર્ણન થઇ છે, સહાબાની ગવાહી અહીં હદીસોનો હુકમ રાખે છે. ઘણી બધી મશહુર ઇસ્લામી કિતાબોમાં અને હદીસોની મુળભૂત કિતાબોમાં આવી છે, ચાહે તે સોનન અને મઆજીમ હોય કે મસાનિદ. તેમાંથીઃ

(૧) સોનને અબુ દાઉદ (૨) સોનને તિરમિઝી (૩) ઇબ્ને અમ્ર વાલ્દાની (૪) મુસ્નદે અહમદ ઇબ્ને હમ્બલ (૫) મુસ્નદ ઇબ્ને યઅ્લી વ બઝાઝ (૬) મુસ્તદરકુલ સહીહૈન હાકિમ નિશાપૂરી (૭) મઆજીમે તબરાની કબીર વ મુતવસ્સિત (૮) રૂયાની વ દારે કુત્ની (૯) અખ્બારૂલ્ મહદી અબુ નઇમ (૧૦) તારીખે ખતીબે બગદાદી (૧૧) તારીખે ઇબ્ને અસાકિર (૧૨) તારીખે દમિશ્ક અને એ સિવાય અન્ય ઓલમાઓની કિતાબોમાં આ રિવાયત મૌજુદ છે.

ત્યાર પછી વધારામાં લખ્યુ છે કે અમુક ઇસ્લામના ઓલમાઓએ આ બારામાં મખ્સુસ કિતાબો સંકલન કરી છે. જેમાંથી

(૧) અબુ નઇમની અખ્બારૂલ્ મહદી(અ.સ.) (૨) ઇબ્ને હજરે હૈસમીની 'અલ્ કૌલુલ્ મુખ્તસર ફી અલામાતિલ્ મહદી મુનતઝર(અ.સ.)' (૩) શૌકાનીની 'અત્તવ્ઝીહ ફી તવાતુર્ માજાઅ ફિલ્ મુન્તઝર્ વદ્દજ્જાલ્ વલ્ મસીહ્' (૪) ઇદ્રીસ ઇરાકી મગ્રીબીની 'અલ મહદી(અ.સ.)' (૫) અબુલ અબ્બાસ ઇબ્ને અબ્દુલ મોઅમિન મગ્રીબીની 'અલ્વહમુલ્ મકનુન્ ફીર્ રદ્દે અલા ઇબ્ને ખલ્દુન' શામિલ છે.

(એક સંશોધન મુજબ આજથી અમુક વર્ષોથી પહેલા સુધી ઇમામ મહદી(અ.સ.) ઉપર ''૨૦૬૮ કિતાબો'' લખાઇ ચુકી હતી.

(કિતાબ નામાએ ઇમામ મહદી (અ.સ.)

અને આખરી શખ્સ જેણે આ બારામાં વિગતવાર ચર્ચા કરી છે, તે ઇસ્લામી યુનિવર્સીટી મદીનાના ચીફ છે. જેણે યુનિવર્સીટીના મેગેઝીનના અમુક અંકોમાં આ મસ્અલા પર ચર્ચા કરી છે.

તદ્ ઉપરાંત લખ્યુ છે કેઃ

અગાઉના અને આજના સમયના બુઝુર્ગો અને ઇસ્લામના ઓલમાઓની એક જમાતે પણ પોતાના

લખાણોમાં સ્પષ્ટતા કરી છે કે મહદી(અ.સ.)ના બારામાં હદીસો તવાતુરની હદ સુધી પહોંચેલી છે. (અને તે કોઇપણ પ્રકારે ઇન્કારને લાયક નથી.) તેમાંથીઃ

(૧) અસ્સખાવીએ કિતાબ 'ફત્હુલ્ મોગીસ'માં (૨) મોહમ્મદ ઇબ્ને અહમદ સફારીનીએ 'શર્હુલ્ અકીદા'માં (૩) હાફિઝ જલાલુદ્દીન સુયુતીએ 'અલ્હાવી' માં (૪) ઇદ્રીસ ઇરાકીએ 'અલ્ મહદી'માં (૫) શોકાનીએ 'અત્તવ્ઝીહ ફી તવાતુર મા જાઅ ફિલ્ મુન્તઝર'માં (૬) મોહમ્મદ જઅફર કતાનીએ 'નજમુત્તનાસુર'માં અને (૭) અબુલ અબ્બાસ ઇબ્ને અબુલ મોઅમીને 'અલ્ વહ્મિલ્ મકનુન'. . .માં મહદવીયત અકીદા ઉપર ખાસ ચર્ચા કરી છે.

આ ચર્ચાના અંતમાં લખવામાં આવ્યુ છેઃ

ફક્ત 'ઇબ્ને ખલ્દુન' છે, જેણે ચાહ્યુ કે મહદી (અ.સ.)ના બારામાં રદીયા પર એક પાયા વગરનો અને જુઠી હદીસના સહારે વાંધો ઉઠાવે અને તે જુઠી હદીસ છેઃ ''લલ્ મહદી ઇલ્લા ઇસા'' (ઇસા(અ.સ.) સિવાય કોઇ મહદી નથી) પરંતુ અઇમ્મા(અ.સ.) અને ઇસ્લામના બુઝુર્ગ ઓલમાઓએ તેના આ કૌલને રદ્દ કર્યો છે. ખાસ કરીને ઇબ્ને અબ્દુલ મોઅમીને કિતાબ 'અલ્વહ્મિલ્ મકનુન ફિર્ રદ્દે અલબ્ને ખલ્દુન'માં ૩૪ વર્ષ પહેલા પુર્વ અને પશ્ચિમમાં ફેલાઇ ચુકી છે. હદીસોના હાફીઝો અને હદીસની બુઝુર્ગ ઓલમાઓને પણ સ્પષ્ટતા કરી છે કે મહદી(અ.સ.)ના બારામાં રિવાયતો સહીહ છે, હસન છે અને તે હદીસો મુતવાતિર છે.

એટલા માટે મહદી(અ.સ.)ના ઝુહૂરનો અકીદો રાખવો (દરેક મુસલમાન પર) વાજીબ છે અને તે એહલે સુન્નત વલ જમાઅતના અકીદાઓનો હિસ્સો ગણાય છે અને નાદાન, જાહિલ અને બુરી અક્કલવાળા સિવાય કોઇ તેનો ઇન્કાર નથી કરતા.

મોહમ્મદ મુન્તસિર કતાની મજમએ ફિકહી ઇસ્લામી સંસ્થાના સંચાલક

માનનીય વાંચકો! આ હતો ''રાબતએ આલમે ઇસ્લામી''નો દલીલો સાથે પુરાવાઓનો જવાબ, જે આપ લોકોએ ધ્યાનથી વાંચ્યો અને જરૂરી સમજીએ છીએ કે વાંચકોને મહદવીય્યતના અકીદાના બારામાં નિમ્નલિખિત વાતોથી પણ જાણકાર કરીએ.

## હઝરત ઇમામ મહદી(અ.સ.)નો ઝિક્ર કુર્આનમાંઃ

નિમ્નલિખિત કિતાબોમાં એ આયતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે જે હઝરત ઇમામ મહદી(અ.સ.)ના બારામાં નાઝિલ થઇ છેઃ

(૧) 'અલ મહજ્જહ ફી મા નઝલ ફિલ્ કાએમિલ હુજ્જત' લેખકઃ સૈયદ હાશિમ બહેરાની(અલયહિર્ રહમા વર્ રિઝવાન)એ પહેલા શીઆ સુન્ની તફસીરોની સાથે ૧૨૦ આયતોનો ઝિક્ર કર્યો છે અને ત્યારપછી ૧૨ આયતોનો વધારો કર્યો છે.

(૨) કિતાબ 'બશારાતુલ્ અહદૈન' મોહમ્મદ સાદેકી સાહેબે લગભગ ૨૬૦ આયતોમાં ઇમામ મહદી(અ.સ.)નો ઉલ્લેખ કર્યો છે.

(૩) કિતાબ 'અલ મોઅજમુલ્ અહાદીસિલ્ ઇમામ અલ્ મહદી'ના લેખક પાંચમાં ભાગમાં આશરે ૫૦૦ થી વધારે આયતોમાં ઇમામ મહદી(અ.સ.)નો ઉલ્લેખ નકલ કરેલ છે.

વાંચકો! લેખની લંબાઇને ધ્યાનમાં રાખતા અમે અન્ય કિતાબોનો ઉલ્લેખ નથી કરતા કે જેમાં

આયતોનો ઝિક્ર કરવામાં આવેલ છે.

## ઈમામ મહદી(અ.સ.)ની વિલાદત પહેલા એહલે સુન્નતના આલીમોએ લખેલી કીતાબોઃ

આ કિતાબોની સંખ્યા પણ ખુબ જ છે, જે એહલે સુન્નત બિરાદરો અને હઝરત અઈમ્મએ મઅસુમીન (અ.મુ.સ.)ના અસ્હાબોએ લખી છે. અમે નીચે અમુક કિતાબોનો ઝિક્ર કરીએ છીએઃ

(૧) કિતાબ 'અલ્ ફેતન' ઉસ્તાદ કિતાબ સહીહ બુખારી જનાબ નઈમ ઇબ્ને હમ્માદે પુરી કિતાબ હઝરત ઈમામ મહદી(અ.સ.)ના બારામાં લખી છે.

(૨) કિતાબ 'અલ્ મુસ્નીફ' લેખકઃ ઉસ્તાદ અહમદ બિન હમ્બલ જનાબ ઇબ્ને અબી શૈબા. બે ભાગમાં છે. બીજો ભાગ 'કિતાબિલ્ મહદી'ના નામે છે.

(૩) કિતાબ 'અલ્ મહદી' લેખકઃ ઉસ્તાદ બુખારી ઉબ્બાદ બિન યઅકુબ રવાગની

(૪) કિતાબ 'અલ્ મશ્ખીયા' લેખકઃ હુસૈન ઇબ્ને મહેબુબ. હઝરત ગયબતના ૧૦૦ વર્ષ પહેલા લખવામાં આવેલ છે.

ઉપરની કિતાબો અને અન્ય બીજી કિતાબોથી એ પરિણામ લઇ શકાય છે કે નઉઝોબિલાહ મદહવીય્યતનો અકીદો એ શીઆઓનો મનઘડત અકીદો અથવા કાલ્પનિક વાત નથી. પરંતુ ઇસ્લામી અકીદો છે. આશ્ચર્યની વાત એ છે કે, ઉપરોક્ત ઉલ્લેખિત કિતાબોમાં ઓછામાં ઓછી બે કિતાબો તો જનાબે બુખારીના ઉસ્તાદોની છે. પરંતુ બુખારી સાહેબે તેમાંથી એક પણ હદીસને પોતાની બુખારીમાં જગ્યા નથી આપી, સિવાય આ હદીસનેઃ

*કૈફ અન્તુમ એઝા ઉન્ઝેલ ઇબ્નો મરીયમ્ વ અમામકુમ મિન્કુમ*

(બાબે નુઝુલે ઇસા)

વાંચકો! લેખમાં સંપુર્ણ રીતે સંદર્ભો બાદ પણ શું કોઇ મહદવીય્યતના અકીદાને ફક્ત શીઆ હઝરાતથી મનસુબ કરવાની હીંમત કરી શકે છે? મહદવીય્યતનો અકીદો તો એટલો બધો મહત્વનો અને વારંવાર બયાન કરવામાં આવેલ છે કે તેના જુઠા દાવેદારો પણ મૌજુદ છે અને નકલી અને જુઠાનું બજારમાં હોવુ એ વાતની દલીલ છે કે અસલ મૌજુદ છે. આપણા સૌની સામાન્ય રીતે અને ઓલમાએ કેરામની ખાસ જવાબદારી છે કે મુખ્લીસ લોકોને આ અકીદાથી એટલા બધા પરિચિત કરાવી દે કે તેઓ હઝરત મહદી(અ.સ.)ના જુઠા દાવેદારો જેમકે ગુલામ અહમદ કાદીયાની, મિર્ઝા અલી મોહમ્મદ બાબ શીરાઝી, મહદી બંગાલી અને મહદી જૌનપુરીને રદ્દ કરી શકે. ક્યાંક આ લોકો સારી સારી સ્કુલો ખોલીને પ્રભાવશાળી લોકોના બચ્ચાઓને સ્કોલરશીપ ફીમાં ઘટાડો કરીને અથવા માફ કરીને સારો દેખાય તેવો લિબાસ પહેરીને ગીત-સંગીતથી ભરપુર સાંસ્કૃતિક પ્રોગ્રામ ગોઠવીને અને મફત મેડીકલ કેમ્પનું આયોજન કરીને આપણા ઈમાનનો સોદો ન કરી બેસે

ખુદાવંદે આલમથી દુઆ છે કે યુસૂફે ઝહરા(અ.સ.) ના ઝુહૂરમાં જલ્દી ફરમાવે અને તેમના દુશ્મનો અગર હિદાયતના લાયક છે, તો હિદાયત આપે, નહીતર ઝલીલ, રૂસ્વા અને હલાક કરી દે. (આમીન)

# હઝરત ઈમામ મહદી(અ.ત.ફ.શ.)ના નામો અને લકબો

હઝરત ઈમામ મહદી(અ.ત.ફ.શ.)ના નામો અને લકબોનું જાણવું આપણા માટે જરૂરી છે, કારણ કે જ્યાં હઝરત પ્રત્યે મોહબ્બતને જાહેર કરવી કે જે આયતે મવદ્દત પ્રમાણે, હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ અજ્રે રિસાલતના જવાબમાં ફરમાવ્યુ કે મારા એહલેબૈત (અ.મુ.સ.)થી મોહબ્બત કરો અને સાથો-સાથ આપણને આ નામો અને લકબો જાણવા હઝરત ઈમામ મહદી (અ.ત.ફ.શ.)થી નઝદીક પણ કરે છે અને નામ તથા લકબો ન જાણવાથી માત્ર હઝરતથી ઉપરછલ્લી મોહબ્બતનો ઇઝ્હાર થશે. ઉપરાંત દુનિયા અને આખેરતમાં આપણને ભારે નુકશાન થશે તેના તરફ ઇશારો કરે છે કે આપણે તમામ અંબીયા અને અવસીયાના વારિસ, અલ્લાહની આખરી હુજ્જત, અઈમ્મએ મઅસૂમીન(અ.મુ.સ.)ના વારિસની સિફ્તોથી ખુબજ ઓછા વાકિફ છીએ. જે ખરેખર એક જાતનું મોટું નુકશાન છે. લકબો હકીકતમાં ઇન્સાનની સિફતો તરફ માર્ગદર્શન આપે છે અને મોહબ્બત કરવાવાળા પોતાના મહેબૂબની ખાસિયતોને શોધી-શોધીને મોહબ્બતને જાહેર કરવા માટે અવ્સાફ બયાન કરે છે.

બુઝુર્ગ લોકો હર હાલતમાં આ બાબતથી જાણકાર છે, પરંતુ બચ્ચાઓ માટે એક ઉદાહરણ દઇને સમજાવવું એ વાત ને વધારે સ્પષ્ટ કરી દે છે. ઉદાહરણ તરીકે 'અલ્ વાલેદુશ્શફીક' એટલે 'ખુબજ વધારે મોહબ્બત કરવાવાળો બાપ' એ વાત સૂચવે છે કે પિતા પોતાના બચ્ચાઓને ખુબજ મોહબ્બત કરે છે. આ બારામાં એક ફિતરી વાતનો ઉલ્લેખ જરૂરી છે કે જ્યારે કોઇ નામના બદલે સારા લકબોથી સંબોધન કરવામાં આવે તો સામેવાળો ન ફકત જલ્દીથી તવજ્જોહ આપશે, પરંતુ તેનું ધ્યાન દેવામાં જવાબ તરીકે તે સિફ્તો અને ખાસિયતો પણ જોવા મળશે જે લકબથી તેને બોલાવવામાં આવ્યા હતા, જે ફક્ત નામ લઇને બોલાવવામાં આવે તો કદાચ ન પણ મળે. એટલા માટે બચ્ચાઓનું પોતાના મમ્મીને ફકત મમ્મી કહીને બોલાવવું એટલું બધું અસરકારક નથી જેટલું 'મારી પ્યારી મમ્મી' કહીને બોલાવવામાં આવે છે, તો માંની બંને બાહો ખુલી જાય છે અને તે પોતાના બચ્ચાને બાહોમાં લઇ પ્યાર કરીને પછી પુછે છે, બોલો બેટા!

આ નાની એવી પ્રસ્તાવના સાથે આપણા આજના લેખના શિર્ષકનો હેતુ નીચે મુજબ છે.

૧. હઝરતના વધારેમાં વધારે લકબો જાણવા, હઝરતની સિફ્તો જાણીને પોતાની મઅરેફ્તમાં વધારો કરવો છે.

૨. આ સિફ્તો અને લકબોની સાથે હઝરતને યાદ કરવા એ હઝરતથી ખુબ જ સારા તરીકાથી મોહબ્બતને જાહેર કરવી છે.

૩. આ લકબો થકી હઝરતને અવાજ આપીને તેમની નઝરે ઇનાયત અને કરમ હાસિલ કરવો છે, જે દુનિયા અને આખેરતની ખુબ જ મોટી દૌલત છે.

૪. આ સુન્નત પર અમલ કરવો એ સુન્નતે પરવારદિગાર પર અમલ કરવો છે, જેણે પોતાના હબીબને કુરઆનમાં ક્યારેક 'તાહા' તો ક્યારેક 'યાસીન' વિગેરે લકબોથી સંબોધિત કરીને પોતાની મોહબ્બત અને શફકતને જાહેર કરી છે.

હઝરત ઈમામ મહદી(અ.ત.ફ.શ.)ને લકબોથી યાદ કરવા એટલા માટે પણ જરૂરી થઇ ગયુ હતુ કે રાજકીય પરિસ્થિતિના કારણે નામ લેવા પર પાબંદી હતી. ચાહવાવાળાની જાન ખતરામાં હતી, જેનો નિર્દેશ હઝરતની વિલાદતથી પહેલા હઝરતના જદ્દે અમજદ હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની વિલાદતના સમયે ''લવ્હે ફાતેમા(સ.અ.)''માં હઝરતનો ઝિક્ર ''મિમ હે મિમ દાલ'' લખીને ખુદાવંદે આલમે કરી દીધો હતો.

વાંચકો! લેખનો અભ્યાસ કરવા પહેલા આપણે પોત-પોતાનો હિસાબ કરી લઇએ કે આપણે હઝરતના કેટલા લકબો જાણીએ છીએ? જેથી લેખનો ફાયદો આપણા માટે સ્પષ્ટ થઇ જાય. ખુદાવંદે આલમ આપણા ઓલમા અને સાલેહ મરાજેઅનો સાયો આપણા સરો પર કાયમ રાખે અને જે આ દારે ફાનીના સફરને પૂરો કરીને બીજી દુનિયા તરફ જે કુચ કરી ગયા, તેઓને ઉચ્ચ દરજ્જાઓ ઇનાયત કરે કે જેઓએ હઝરત ઇમામ મહદી(અ.ત.ફ.શ.)ના નાના-નાના વિષયો તરફ ધ્યાન દોર્યુ છે.

આ એક માનવામાં આવેલી હકીકત છે કે વધારે નામો વધારે સિફતો સૂચવે છે અને એજ રીતે વધારે સિફતો વધારે નામનો સબબ છે. આં હઝરત (સ.અ.વ.) કારણકે તમામ અંબીયા(અ.મુ.સ.)ના અવસાફના જામેઅ છે અને મહદી આખેરૂઝ્ઝમાન (અ.ત.ફ.શ.) હઝરત મોહમ્મદ મુસ્તુફા(સ.અ.વ.)ની સિફતોના વારિસ છે. આથી તેઓ પણ તમામ નબીઓની સિફતના જામેઅ છે. એટલા માટે આપના નામો અને સિફતો પણ ખુબજ વધારે છે અને આપણે તમામને સમજી પણ નથી શકતા.

ઓલમાએ કેરામે આ નામો અને લકબોને આસમાની કિતાબો, કુરઆનની આયતો, અઇમ્મએ મઅસૂમીન(અ.મુ.સ.)ની હદીસો અને ઝિયારતના વાક્યોથી હાસિલ કર્યા છે. જેની સંખ્યા ૫૦૦ કરતા વધારે છે. કિતાબ 'ફવ્ઝે અકબર'ના લેખક આયતુલ્લાહ મોહમ્મદ બાકિર ફકીહી ઇમાની (અ.ર.)એ એક નઝ્મમાં હઝરતના ૩૧૩ નામો અને લકબોનો ઉલ્લેખ કર્યો છે. 'નજ્મુસ્સાકીબ' કિતાબના લેખક મોહદ્દીસે નુરી (અ.ર.)એ હુરૂફે તહજ્જી (અલીફ-બા-તા-સા) મુજબ ક્રમાનુંસાર તેમના રેફરન્સ અને અર્થઘટન સાથે ૧૮૦ નામ અને લકબોનો ઝિક્ર કરેલ છે અને કિતાબ 'અસ્સેરાતીસ્સવી ફી અહ્વાલિલ્ મહદી'ના લેખક આલી જનાબ મૌલવી સય્યદ મોહમ્મદ સિબ્તૈન સિર્સવી અઅ્લલ્લાહો મકામહુએ ઉર્દુમાં આ કિતાબના ૫ માં પ્રકરણમાં પાના નં: ૪૪૩ થી ૪૯૪ સુધી ૧૮૨ નામ અને લકબો રિવાયતોની સાથે 'નજ્મુસ્સાકિબ'માંથી વર્ણન કર્યા છે. અમે તેમાંથી જ અમુકનો ઉલ્લેખ કરવાની ખુશનસીબી હાસિલ કરવા જઇ રહ્યા છીએ.

### ૧. હઝરત(અ.ત.ફ.શ.)નું એક નામ અહમદ છે.

કિતાબ 'કમાલુદ્દીન'માં જનાબે શૈખે સદુક(અ.ર.)એ હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી હદીસ વર્ણવી છે કે હઝરત અલી(અ.સ.)એ ફરમાવ્યું:

મારા ફરઝંદોમાંથી એક આખરી ઝમાનામાં ઝુહુર ફરમાવશે, તેમના બે નામ હશે, એક છૂપુ અને એક જાહેર. માટે એ નામ જે છૂપું છે તે ''અહમદ'' છે અને જાહેર ''મોહમ્મદ'' છે.

(અસ્સેરાતુસ્સવી, પાનાઃ ૪૪૩-૪૪૪)

### ૨. હઝરત(અ.ત.ફ.શ.)નું બીજુ નામ ''અસલ'' છે.

શૈખે કશીએ પોતાની કિતાબ 'અર્ રેજાલ'માં વર્ણવ્યું છે કે અબુ જઅ્ફર બિન અહ્મદ બિન જઅ્ફરે કુમ્મી અત્તારે ''અસલ'' (ઇમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના નામે એક પત્ર લખ્યો જેમાં અબુ હામિદ બિન ઇબ્રાહીમ મોરાગીની સિફતો વર્ણન કરી. હઝરત ઇમામ મહદી (અ.ત.ફ.શ.)એ તવકીઅમાં કબુલ કર્યુ અને દુઆઓ આપી. આથી રેજાલની કિતાબોમાં ''અસલ''થી મુરાદ હઝરત ઇમામ મહદી (અ.ત.ફ.શ.) છે. કારણકે હઝરત(અ.ત.ફ.શ.)ની પવિત્ર અને પાકીઝા નફસ જ દરેક ઇલ્મ, નેકી, બરકત અને ફૈઝની અસ્લ છે (મૂળ છે) અને દીન અને દુનિયા, બરઝખ અને આખેરતમાં ખુદાના બંદાઓ માટે રૂજુઅ થવાની જગ્યા, અંતિમ ઠેકાણું, હાદી અને શરણની જગ્યા છે.

(અસ્સેરાતુસ્સવી, પાનાઃ ૪૪૪-૪૪૫)

### ૩. ''ઇઝાદ શનાસ'' અને''ઇઝાદ નિશાન''

આ પણ હઝરતના નામોમાંથી એક નામ છે. શૈખે બહાઇ(અ.ર.)એ કિતાબ કશ્કોલમાં લખ્યું છે કે ફારસી લોકો હઝરતને આ બે નામોથી યાદ કરે છે, એટલે કે એ મહદીએ મુન્તઝર જે મઅરેફતે ખુદાના મુજસ્સમ છે એ હસ્તી કે જે ખુદાની સંપૂર્ણ મઅરેફત રાખે છે અને લોકોને ખુદાવંદે મોતઆલ તરફ હિદાયત કરે છે.

(અસ્સેરાતુસ્સવી, પાનાઃ૪૪૫)

### ૪. ''અબુ સાલેહ'':

કિતાબ 'ઝખીરતુલ્ અલ્બાબ'માં લખેલું છે કે હઝરત (અ.ત.ફ.શ.)ની કુન્નીયત ''અબુલ કાસિમ'' અને''અબુ સાલેહ'' છે અને હઝરતની આ કુન્નીયત રણવાસી અરબો અને વણજારાઓમાં ખુબ જ મશ્હુર અને મઅરૂફ છે અને મોટે ભાગે આ લોકો પોતાના ઇસ્તેગાસાઓ અને વસીલાઓમાં હઝરતને આ નામોથી પોકારે છે. શાયરો અને સાહિત્યકારો પોતાના કસીદા અને મનકબતમાં ઝિક્ર કરે છે અને પહેલા ઝમાનામાં હઝરતનું આ નામ ખુબજ પ્રખ્યાત હતું. એટલે તમામ નેકીઓનું મૂળ.

(અસ્સેરાતુસ્સવી, પાનાઃ૪૪૬)

અઇમ્મએ મઅસૂમીન(અ.મુ.સ.)એ તાકીદ કરી છે કે જે શખ્સનું નામ ''મોહમ્મદ'' હોય તેણે એહતિયાતન પોતાના ફરઝંદનું નામ કાસીમ રાખવું જોઇએ નહિ કે શૈતાન વસવસો કરીને મહદવીય્યતનો દાવો ન કરાવી દે અને લોકો તેને મોહમ્મદ અબુલ કાસીમના નામથી પોકારવા લાગે. ઇમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની મુલાકાતના વાકેઆતની કિતાબોમાં મળે છે કે એક શખ્સ મિસ્રના પુલ પર ઘી વેચતો હતો (જેના પિતા અહલે સુન્નતમાંથી હતા અને વાલેદા તશય્યોમાંથી હતી) જેથી મિસ્રના ગામડે ગામડે અને વસ્તી-વસ્તીએ પોતાના સાથીઓ સાથે ફરતો અને ઘી જમા કરતો હતો. એક દિવસની વાત છે, ઘી જમા કરીને પરત ફરતા થાકી જવાને લીધે એક ઝાડની નીચે આરામ કરવા બેઠો અને સુઇ ગયો. તેમના સાથીઓ તેને સુતો મુકીને ચાલ્યા ગયા. જ્યારે તેની આંખ ખુલી તો જોયુ કે રાત પડવા આવી હતી અને રસ્તામાં જંગલમાંથી પસાર થવાનું હતું, સાથે કોઇ હથિયાર પણ ન હતું. માતાની નસીહત યાદ આવી કે જ્યારે પણ કોઈ એવો ખતરો સામે આવે તો દિલથી એક વાર 'યા અબા સાલેહ્ અલ્ મહ્દી અદરીક્ની' કહે. તે કહે છે કે જેવી મેં અવાજ આપી એક શખ્સ સવારી ઉપર સવાર મારી પાસે આવ્યો. મને પોતાની સવારી પર બેસાડ્યો, થોડા સમય બાદ મને ઇશારો કર્યો કે તમારો ખતરો દુર થઇ ગયો છે. સામે ગામમાંથી પોતાનો રસ્તો પામી લેશો, મેં ઘણી ખુશામદ કરી કે આપ પણ સાથે ચાલો. તેમણે કહ્યું: નહી, તમે જાવ, મારે મારા બીજા ચાહવાવાળાની મદદ કરવા માટે પહોંચવુ છે. જ્યારે તેઓ આમ કહીને ચાલ્યા ગયા ત્યારે મને અહેસાસ થયો કે હાય! મેં શું કર્યુ? હાસિલ કરીને પોતાના મોહસિનને ખોઇ દીધા.

### ૫. ''અમીરૂલ્ ઓમરા'':

સેકતુલ્ જલીલ, ''ફઝ્લ બિન શાઝાને'' કિતાબ 'ગયબત'માં હઝરત ઇમામ જઅફરે સાદિક(અ.સ.)થી હદીસ વર્ણવી છે કે હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ ફીત્નાઓ, જંગો અને અથડામણોના ઝિક્ર પછી ફરમાવ્યું કે દજ્જાલ આવશે અને લોકોને ગુમરાહ અને ભટકાવી દેવાની સખ્ત કોશિશ કરશે, એ સમયે અય હુસૈન! તમારા નવમા ફરઝંદ, જે 'અમીરૂલ્ ઓમરા', 'કાતેલુલ્ કુફ્રાહ' અને 'સુલ્તાને મઅ્મુલ્' જેની ગયબતમાં અકલો હેરાન હશે, રૂકન અને મકામની દરમિયાન જાહેર થશે અને જીન્નાત અને ઇન્સાનો પર વિજયી થશે અને તેઓ(અ.સ.) તમામ બાદશાહોના બાદશાહ છે.

(અસ્સેરાતુસ્સવી, પાના : ૪૪૭)

વાંચકો! ગયબતના ઝમાનામાં પણ તેઓ(અ.સ.) ખુદા પછી 'મોકલ્લેબલ કોલુબ' છે અને પોતાના ચાહવાવાળાઓની મદદ તમામ બાદશાહો અને સુલ્તાનોની બુરાઇથી બચવા માટે કરતા રહે છે.

## ૬. બકીય્યતુલ્લાહ:

હઝરતના મશ્હુર લકબોમાંથી 'બકીય્યતુલ્લાહ' છે કે જેનો ઝિક્ર કુરઆને કરીમમાં અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ સુરએ હુદની આયત નંબર : ૮૬ માં કર્યો છે.

(અ) કિતાબ 'ગયબત'માં ફઝલ બિન શાઝાને હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)થી ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.)ના અહેવાલ વર્ણવ્યા છે કે હઝરતે ફરમાવ્યું કે જ્યારે તેઓ ઝુહૂર ફરમાવશે, તો ખાનએ કાબાની દિવાલની સાથે ટેકો લગાવીને ઉભા રહેશે. હઝરતની આજુબાજુ ૩૧૩ અસ્હાબ જમા હશે અને પછી હઝરત ઈમામ મહદી(અ.ત.ફ.શ.) સુરએ હુદની આ આયતની તિલાવત કરશે.

*બકીય્યતુલ્લાહે ખૈરૂલ્ લકુમ્ ઈન્ કુન્તુમ્ મોઅ્મેનીન*

***અલ્લાહની બાકી હુજ્જત તમારા માટે બહેતર છે અગર તમે મોઅમીન છો તો.***

આપ આગળ ફરમાવશે કે 'હું બકીય્યતુલ્લાહ છું, હું હુજ્જતુલ્લાહ (અલ્લાહની હુજ્જત) છું અને હું જ ખલીફતુલ્લાહ છું. (ઝમીન પર અલ્લાહના ખલીફા). તો પછી દરેક અસ્હાબ હઝરતને આ શબ્દોમાં સલામ કરશે:

***અસ્સલામો અલૈક યા બકીય્યતલ્લાહે ફી અર્ઝેહી***

***સલામ થાય આપ પર અય અલ્લાહના સૌથી બહેતર બાકી હુજ્જત તેની ઝમીન પર***

(અસ્સેરાતુસ્સવી, પાના:૪૪૭)

(બ) અન્ય રિવાયતોમાં આ આયતની તફસીરમાં જોવા મળે છે કે હઝરત જ્યારે આ એલાન કરશે તો દુનિયાના તમામ લોકો તેને પોત પોતાની જગ્યા ઉપર પોત પોતાની ભાષામાં સાંભળશે અને લબ્બૈક કહીને હઝરતની બયઅત કરવા માટે તૈયાર થઇ જશે. આથી હઝરતનો આ લકબ ખુબ જ મહત્વનો છે અને મોટા ભાગે તમામ ઝિયારતોમાં અને દુઆઓમાં આ લકબનો ઉપયોગ થાય છે.

(ક) ''તફસીરે ફૂરાત''માં ''શેખે ફુરાત બિન ઈબ્રાહીમે'' આ આયતની તફસીરમાં ઉમર બિન ઝાહિરથી રિવાયત કરી છે કે એક શખ્સ હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)ની ખિદમતમાં હાજર થયો અને અરજ કરી કે અમે હઝરતે મહદી(અ.સ.) ને આ રીતે સલામ કરીએ છીએ. ''અય અમીરૂલ મોઅમેનીન!'' તો આપ(અ.સ.)એ ફરમાવ્યું: હરગિઝ નહિ ! આ એક લકબ છે જે ખુદાવંદે આલમે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી ઈબ્ને અબી તાલિબ(અ.સ.) ના માટે મખ્સુસ કર્યો છે. ન તો એમની પહેલા આ નામ રાખવામાં આવ્યું હતું અને ન તો તેમના બાદ કોઇ શખ્સને આ નામ આપવામાં આવશે સિવાય કે તે કાફિર હશે. રાવીએ સવાલ કર્યો કે તો પછી અમે હઝરત કાએમ(અ.સ.) ને કેવી રીતે સલામ કરીએ? ઈમામ(અ.સ.)એ ફરમાવ્યુ કે, તમે કહો: અસ્સલામો અલૈક યા બકીય્યતલ્લાહ. પછી ઈમામ (અ.સ.)એ આયતની તિલાવત કરી.

(અસ્સેરાતુસ્સવી, પાના : ૪૪૭)

## ૭. બકીય્યતુલ અમ્બીયા :

આ નામ અને લકબોની સાથે સય્યદ હુસૈન મુફ્તી કર્કી સિબ્ત મોહક્કીકે સાનીએ કિતાબ ''દફઉલ મનાદાત''માં જનાબે હકીમાખાતુન(સ.અ.)થી રિવાયત વર્ણવી છે કે આપ(અ.સ.)ની વિલાદતની પછી જ હઝરતને હુજ્જતુલ્લાહ, બકીય્યતુલ્ અમ્બીયા, નુરૂલ્ અસ્ફીયા, ગવ્સુલ ફોકરાઅ, ખાતેમુલ્ અસ્ફીયા, નુરૂલ્ અત્કેયાઅ અને સાહેબે કુર્તુલ્ બયઝાઅના લકબો થકી બોલાવીને વાત કરવાની ગુજારીશ કરવામાં આવી તો આપ(અ.સ)એ 'અશ્હદો અન્ લાએલાહ ઇલ્લલ્લાહ' અને બીજી આયતોની તિલાવત કરી.

(અસ્સેરાતુસ્સવી, પાના : ૪૪૯)

હાફિઝ બુરસીએ કિતાબ 'મશારેકુલ્ અન્વાર'માં વર્ણન કર્યુ છે કે આ રીતે કલામ કરોઃ અય હુજ્જતુલ્લાહ! બકીય્યતુલ્ અમ્બીયા, ખાતેમુલ અવ્સીયા, સાહેબે કુર્રતુલ્ બય્ઝાઅ, મિસ્બાહો મેનલ બહરિલ્ અમીક, અશ્ શદીદુઝ્ ઝીયાઅ, ખલીફતુલ્ અત્કેયાઅ અને નુરૂલ અવ્સીયા આ તમામ નામો ઈમામે ઝમાના (અ.સ.)ના છે અને આ નામોનું કારણ ખુદ આ લક્બોથી સ્પષ્ટ થઈ જાય છે.

(અસ્સેરાતુસ્સવીપેજઃ ૪૫૦)

### ૮. સાઈરઃ

સાઈર એ 'બદલો લેવાવાળા'ને કહેવામાં આવે છે જે જ્યાં સુધી બદલો ન લઇ લે ત્યાં સુધી આરામ ન કરે અને હઝરત ઈમામ મહદી(અ.સ.) પોતના બાપદાદાઓનો જ નહી પરંતુ તમામ અમ્બીયા અને અવસીયા(અ.મુ.સ.)ના ખુનનો બદલો લેશે. જેથી આપણે દુઆએ નુદબાહમાં પણ પઢીએ છીએઃ

*"અયનત્ તાલેબો બેઝોહુલિલ્ અમ્બીયાએ વ અબ્નાઈલ્ અમ્બીયાએ, અયનત્ તાલેબો બે દમિલ મક્તુલે બે કરબલા" અને રિવાયત મુજબ હઝરતનો નારો પણ હશે "યા લસારાતિલ્ હુસૈન"*

### ૯. જઅ્ફરઃ

કિતાબ 'કમાલુદ્દીન'માં શૈખે સદુક(અ.ર.) અને કિતાબ 'ગયબત'માં શૈખે તુસી(અ.ર.)એ હઝરતનો આ લકબ રાખવાનું કારણ બતાવવામાં આવ્યું છે કે હઝરતના ચાહવાવાળા તેનો ઉપયોગ કરે અને આપના કાકાના માનવાવાળા તેમને સમજે અને આ રીતે હઝરતના ચાહવાવાળા તેઓની બુરાઈથી સુરક્ષિત રહી શકે.

(અસ્સેરાતુસ્સવી, પાનાઃ૪૫૧)

હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.)એ આ લક્બનું કારણ એ પણ બતાવ્યું છે કે હઝરત(અ.સ.) ઉલુમે ઈલાહીની નહેર છે. હઝરતના ઝુહુર પહેલા ઈલ્મના ફકત બે જ હિસ્સા જાહેર થયા છે. હઝરત આવીને બાકીના તમામ હિસ્સા જાહેર કરી દેશે. જઅફર નહેરને કહેવાય છે.

(અસ્સેરાતુસ્સવી, પાનાઃ૪૫૧)

### ૧૦. દાઓઃ

હઝરતનો આ લકબ ઝિયારતે આલે યાસીનમાં આવ્યો છે. 'અસ્સલામો અલય્ક યા દાએયલ્લાહ'. આપ(અ.સ.) અલ્લાહની તરફથી 'દાઓ' (દઅવત દેવાવાળા) છે. મખ્લુકને અલ્લાહની તરફ એવી રીતે બોલાવશે કે દુનિયામાં એમના જદ્દે બુઝુર્ગવારના દીન સિવાય કોઈનો દીન બાકી નહી રહે. 'તફસીરે અલી ઇબ્ને ઇબ્રાહીમે કુમ્મી'માં આ આયત 'યોરીદુન લે યુત્ફેઉ નુરલ્લાહે' (સુરએ સફ, આયતઃ૮) હેઠળ રિવાયત છે કે ખુદાવંદે આલમ, પોતાના નુરને કાએમે આલે મોહમ્મદ (અ.સ.)ના થકી સંપૂર્ણ કરશે.

(અસ્સેરાતુસ્સવી, પાનાઃ૪૫૭)

### ૧૧. સાઅતઃ

હઝરતનો આ લકબ કયામત માટે પણ ઈસ્તેમાલ થયો છે, કારણકે આ બંને અચાનક જાહેર થશે. હઝરત ઈમામ હસને મુજ્તબા(અ.સ.)એ હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)ને ઝુહૂરના સમય બારામાં પુછ્યું, તો રસુલે ખુદા(સ.અ.વ.) ફરમાવ્યુઃ તે અચાનક થશે. સાઅત એટલે તે ઘડી અથવા કલાક.

(અસ્સેરાતુસ્સવી, પાનાઃ૪૫૮)

### ૧૨ શરીદઃ

"શરીદ" એટલે જેને દુર કરી દેવામાં આવ્યા હોય. આ લકબનો અઈમ્મએ મસુમીન (અ.મુ.સ.)એ અવાર નવાર ઉપયોગ કર્યો છે. હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) અને હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)એ મોટા ભાગે તેનો ઉલ્લેખ કર્યો છે એટલે કે 'કદર ન કરનાર' મખ્લુકે હઝરત ઈમામ મહદી (અ.સ.)ની કોઈ કદર ન કરી અને ન તો તેમની મઅરેફત હાસિલ કરી. ખુદ ઈમામ મહદી(અ.સ.)એ

ઇબ્રાહીમ બિન અલી બિન મહ્ઝીયારને ફરમાવ્યું કે મારા વાલિદે બુઝુર્ગવારે મને વસીયત કરી છે કે હું ઝમીન પર ત્યાં રહું કે જે એકદમ છુપી હોય, જેથી મારી પરિસ્થિતી કોઇના પર જાહેર ન થાય, કારણકે ગુમરાહ લોકો મને તકલીફ દેવા માટે તૈયાર છે.

(અસ્સેરાતુસ્સવી, પાનાઃ૪૫૯)

## ૧૩. ખલફ અને ખલફે સાલેહઃ

આ લકબનો ઉપયોગ અઇમ્મએ મઅસૂમીન (અ.મુ.સ.) વારંવાર કરતા હતા.

(અ) હઝરત ઇમામ અલી રેઝા(અ.સ.): 'ખલફે સાલેહ' અબી મોહમ્મદ હસન ઇબ્ને અલી(અ.સ.)ના ફરઝંદ છે અને તેઓ સાહેબુઝઝમાન છે અને તેઓ જ મહદી(અ.સ.) છે.

(બ) હઝરત ઇમામ જઅફરે સાદિક(અ.સ.): 'ખલફે સાલેહ' મારા ફરઝંદોમાંથી છે.... 'ખલફ'થી મુરાદ 'જાનશીન' છે અને તેઓ અગાઉના તમામ અમ્બીયા અને અવસીયાના ખલફ અને જાનશીન છે અને તેઓ તમામ ઉલુમ, ખાસિયતો, સીફ્તો, અમ્બીયા તથા અવસીયાની તમામ ખાસીયતો ધરાવનાર છે અને ઇલાહી વારસો કે જે એક બીજા પાસેથી વારસામાં મેળવે છે અને નબવી તબર્રુકાત આ બધુ આપ હઝરત પાસે જમા છે અને આપ(અ.સ) તમામ નબીઓના ખલીફા છે.

(ક) લોકોનો એક સમુહ માનતો હતો કે હઝરત ઇમામ હસન અસ્કરી(અ.સ.) કોઇ ફરઝંદ ધરાવતા નથી તેથી હવે જાનશીનીનો સિલસિલો ખત્મ થઈ ગયો છે પરંતુ બીજો સમૂહ આ અકીદા પર બાકી રહ્યો કે હઝરત ઇમામ મહદી(અ.સ.)ની વિલાદતની ખુશીમાં આપસમાં એક-બીજાને ખુશ-ખબરી દેતા હતા કે, 'ખલફ' અને 'જાનશીન' જાહેર થયા. તેના તરફ ઇશારો કરવા માટે ખુદ અઇમ્મા(અ.મુ.સ.)એ આ લકબથી યાદ કર્યા છે.

(અસ્સેરાતુસ્સવી, પાનાઃ૪૫૪-૪૫૫)

## ૧૪. ગરીમઃ

'ગરીમ'નો અર્થ 'તલબગાર' છે રેજાલના આલીમોએ સ્પષ્ટતા કરી છે કે આ લક્બ હઝરતના ખાસ લક્બોમાંથી છે. તકય્યાના લીધે હઝરતને આ લક્બથી યાદ કરવામાં આવતા હતા. હઝરતના વકીલો જ્યારે ચાહતા હતા કે હઝરતની પાસે માલ મોકલે તો આ લકબથી બોલાવતા હતા. શૈખે મુફીદ (અ.ર.)એ ઇરશાદ બિન મોહમ્મદ બિન સાલેહથી રિવાયત કરી છે કે જ્યારે મારા વાલીદનો ઇન્તેકાલ થઈ ગયો અને ધંધાની તમામ જવાબદારી મારા પર આવી ગઇ તો મને મરહુમ વાલીદના હાથે લખેલું એક લખાણ મળ્યું કે જેમાં જે લોકોની પાસે ગરીમનો માલ હતો તેમના નામ અને રકમ લખેલી હતી.

(અસ્સેરાતુસ્સવી, પાનાઃ૪૬૨-૪૬૩)

વાંચકો! લેખના લખાણ અને શિર્ષકની વિશાળતાએ ખુબજ મુંઝવણમાં મુકી દીધા. લેખનો વિષય ખરેખર અધુરો રહી ગયો છે, પરંતુ ઉમ્મીદ છે વાચકોમાં શિર્ષક  હેઠળ મઅલુમાત હાસિલ કરવાનો શોખ પેદા થઇ ગયો હશે. અખ્લાકના આલીમો તાકીદ કરે છે કે હઝરતની નઝદીકી હાસિલ કરવા માટે જરૂરી છે કે દરરોજ હઝરતની ઝિયારતોમાંથી એક ઝિયારત જરૂર પઢવી. સવારમાં ઉઠતા જ હઝરતની ખિદમતમાં સલામ પેશ કરો. મુસ્તહબ અઅમાલ હઝરતની તરફથી બજાવી લાવે અને સિફ્તો જાણીને હઝરતથી સંપર્ક રાખે અને તેને મજબુત કરે અને હઝરતથી રાબેતો કરવાને કદી તર્ક ન કરે, કે સૌથી વધારે નજદીક, સૌથી જલ્દી સાંભળનાર અને સૌથી વધુ મોહબ્બત કરવાવાળા, ખુદાવંદે આલમના નિયુક્ત કરાએલા, તેની મખ્લુક માટે હુજ્જત અને તેની જ અતા કરેલી કુવ્વત અને તાકતથી તમામ મસાએલને ખુબ જ સારી રીતે હલ કરવાવાળા હઝરત ઇમામે ઝમાના (અ.સ.) અને તેમના બાપ દાદાઓથી બહેતર કોઇ નથી. ખુદાવંદે આલમ તેમના ઝુહુરમાં જલ્દી કરે અને આપણને એ ખાસિયતોની સાથે હઝરતની સાથે મળીને તેમના જદ્દએ-માજેદા અને બાપ-દાદાઓનો બદલો લેવાની તૌફીક ઇનાયત કરે.

AL QAEM AL MUNTAZAR, JAN 2023 to JUN 2023, VOL. XXV, ISSUE NO. 1, RNI NO. 70065/98



હઝરત અલી(અ.સ.)એ કુફાના મિમ્બર પર પોતાના ખુત્બામાં ફરમાવ્યુંઃ

**અય અલ્લાહ! એ જરૂરી છે કે તારી જમીન તારી હુજજતથી ખાલી ન રહે, જે લોકોને તારા દીન તરફ હિદાયત કરે અને તારા દીનની તઅલીમ આપે, જેથી તારી હુજજત બાતિલ ન થાય અને તારા વલીઓની પૈરવી કરવાવાળા ગુમરાહ ન થાય, જયારે કે તેઓને હિદાયત મળી ચુકી હોય. આ હુજજત ચાહે જાહેર હોય જેની ઇતાઅત ન કરવામાં આવી રહી હોય, ચાહે છુપી હોય અને દુશ્મન તેની તાકમાં હોય, જો કે સામાન્ય દિવસોમાં લોકો વ્યકિતગત રીતે તેમનાથી પરિચીત ન હોય પરંતુ મોઅમીનોના દિલ તેમની મઅરેફત, તેમના આદાબ અને અખ્લાકથી આબાદ છે અને તેઓ તેના પર અમલ પણ કરી રહ્યા છે.**

(કિતાબઃ કમાલુદ્દીન, ભાગઃ ૧, પ્રકરણઃ ૨૬, હદીસઃ ૧૧)

www.almuntazar.in

**પત્રવ્યવહારનું સરનામું**

**એસોસીએશન ઓફ ઈમામ મહદી(અ.સ.), પો. ઓ. બોકસ નં. ૧૯૮૨૨, મુંબઈ ૪૦૦૦૫૦**

**Printed, Published and Edited by** Syed Mohammed Akbar Rizvi on behalf of Association of Imam Mahdi (A.S.), Published from 97/C, Bazar Road, Bandra (W), Mumbai 400050, and Printed at Gazelle Enterprise Offset Printing & Packaging, 504/A-Sussex Industrial Estate, D.K. Cross Road, Byculla, Mumbai 400 027 (M.S.)